# અધ્યાત્મ



'માતાજી જ્યોતિર્મયી સ્મૃતિ અંક'

નવેમ્બર-'૮૦
વર્ષ-૨

## ભંડોળ સહાયક યોજનામાં પ્રગતિ


મે, ૧૯૮૦થી શરૂ કરવામાં આવેલ ભંડોળ સહાયક યોજનામાં એકધારી પ્રગતિ થતી રહી છે ને અધ્યાત્મનાં ગ્રાહક ભાઈ બહેનો એમાં જોડાઈ, આ યોજનાને પ્રોત્સાહન આપી રહ્યાં છે.

નવા નોંધાયેલ આજીવન સભ્યોની યાદી નીચે પ્રમાણે છેઃ

### આજીવન સભ્યો

| | | |
|---|---|---|
| ૮૬ | શ્રી. ચુનીલાલ ચતુરભાઈ પટેલ–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૮૭ | ,, ભૂપતરાય છોટાલાલ સુતરિયા–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૮૮ | ,, ઉત્તમભાઈ નવીનચંદ્ર દૂધવાળા–સુરત | રૂા. ૨૫૧ |
| ૮૯ | ,, ગોરધનભાઈ ડી. અમીન–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૯૦ | ,, જીવણલાલ સાકરલાલ–વડોદરા | રૂા. ૨૫૧ |
| ૯૧ | ,, કીકાભાઈ મણિશંકર ત્રિવેદી–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૯૨ | ,, મહેન્દ્રભાઈ હરીભાઈ પટેલ–સુરત | રૂા. ૨૫૧ |
| ૯૩ | શ્રીમતી કુમુદબેન કાંતિલાલ શાહ–મુંબઈ | રૂા. ૨૫૧ |
| ૯૪ | ,, રંજનબેન નટવરલાલ ઠાકર–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૯૫ | ,, ત્રિવેણીબેન પ્રાણજીવન મથુરિયા–મુંબઈ | રૂા. ૨૫૧ |
| ૯૬ | આચાર્ય શ્રી. વિવિધલક્ષી વિદ્યામંદિર–પાલનપુર ( શ્રી. હંસરાજભાઈ એન. પુરોહિત તરફથી ભેટ. ) | રૂા. ૨૫૧ |
| ૯૭ | શ્રી. રત્નાજી રેમાજી પુરોહિત–પાલનપુર | રૂા. ૨૫૧ |
| ૯૮ | શ્રીમતી કુસુમબેન કાંતિલાલ શુકલ–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૯૯ | શ્રી. છેલભાઈ આર. રાવલ–અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૦૦ | ,, આર. ડી. ગુપ્તા–વડોદરા | રૂા. ૨૫૧ |


—o—



શ્રી. યોગેશ્વરજી સાથે સ્વજનોથી વીંટળાયેલ સ્વ. પૂ. માતાજીનો પાર્થિવ દેહ



'મૃત્યુ મરી ગયું રે લોલ'—ચિરનિદ્રામાં પોઢેલાં પૂ. માતાજી જ્યોતિર્મયી



'મંગલ મંદિર ખૂલ્યું', દયામય મંગલ મંદિર ખૂલ્યું.'



પ. પૂ. માતાજી વંદન કરતાં પૂ. શ્રી સંતશ્રીમા

ઈશ્વરની શક્તિ એ મહાન પાવર હાઉસ સમાન છે. જ્યાં સુધી વ્યક્તિ તેની સાધના દ્વારા પોતાનું દોરડું તેની સાથે જોડતો નથી, ત્યાં સુધી ઈશ્વરની અસીમ શક્તિનો તે લાભ મેળવી શકતો નથી.

–શ્રી યોગેશ્વરજી


With best Compliments From:-

K. E. C.

Leaders In High Tension Power Transmission

- Civil Engineering
- Railway Electrification

*Kamani Engineering Corporation Ltd.*

Kamani Chambers, 32, Ramjibhai Kamani Marg,
Ballard Estate, Bombay-400 038

## ધન્યતા

આ જીવનમાં મને પ્રાપ્ત કરીને તું ધન્ય થઈ ગઈ છે એમ મને લાગે છે, અને વારંવાર જ્યારે આપણી દૃષ્ટિ મળે છે ત્યારે,

આંસુના ગીતમાં વહી જઈ ને
તું મને આ સંદેશ સુણાવે છે.

એમ લાગે છે કે, તને આજ સુધી સાચા હૃદયથી પ્રેમ કરનાર કોઈ જ નહોતું મળ્યું.

અને એથી જ આજે વનમાં સરોવરને જોઈને મુક્ત હૃદયે ક્રીડા કરતી રાજકુમારીની જેમ તું રમે છે;

મારા ફૂલને છાતીએ લગાવે છે, સૂંઘે છે, ચૂમે છે.

શ્રી. યોગેશ્વર


"જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા, સુખ કે શાંતિનો અનુભવ નથી થતો."

–શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઇ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭


# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૨, અંક : ૨, છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦, વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**

**પ. પૂ. યોગેશ્વરજી**

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ

મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**

શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**

શ્રી નાનુરામ દુધરેજિયા

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**

શ્રી સર્વેશ્વરી

શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)

શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)

શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)

શ્રી જે. વી. શાહ (મુંબઇ)

શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)

શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**

'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી

સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**

નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ

લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## નૂતનવર્ષના શુભાશિષ

મનુષ્ય જીવનનું ધ્યેય ઈશ્વર પ્રાપ્તિનું છે, તે કદીય ન ભૂલાવું જોઈએ. આથી આજના મંગલપર્વના દિને સહુ સાધક ભાઈ–બહેનોને, અધ્યાત્મનો આશ્રય લઈ, આત્મ વિશ્વાસથી આગળ વધવા અમારા શુભાશિષ છે.

શ્રી. યોગેશ્વર
શ્રી. સર્વેશ્વરી

## ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| ધન્યતા | ૨ | શ્રી યોગેશ્વરજી |
| **માતૃદેવો ભવ** | ૫ | શ્રી યોગેશ્વરજી |
| મમતાળુ માતાના મધુર સ્મરણો | ૭ | શ્રી સર્વેશ્વરી |
| માતાજીને અંજલિ | ૧૪ | શ્રી યોગેશ્વરજી |
| પૂ. માતાજી એક વિરલ વ્યક્તિત્વ | ૧૮ | શ્રી નારાયણ હ. જાની |
| પૂ. માતાજીની અખંડ | ૪૧ | |
| અખંડ આસ્થા | | શ્રી જયંતીભાઈ જોષી |
| અમર મૃત્યુ | ૨૩ | શ્રી યોગેશ્વરજી |
| મારો સ્વજન બન્યો | ૨૩ | શ્રી સર્વેશ્વરી |
| પ્રણામાંજલિ | ૨૪ | પ્રો. મહેન્દ્રકુમાર દેસાઈ |
| બા | ૨૫ | ડૉ. રણજીત એમ. પટેલ |
| એક સાધક બેનનો | ૨૬ | |
| અદ્ભુત અનુભવ | | શ્રી તંત્રી |
| ભાવના | ૨૮ | શ્રી યોગેશ્વરજી |
| પૂ. માતાજીના જીવન પ્રસંગો | ૨૯ | શ્રી યોગેશ્વરજી |
| વાત્સલ્યમૂર્તિ | ૩૭ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| પૂ. યોગેશ્વરજીની દિવ્ય દૃષ્ટિ | ૪૫ | શ્રી સર્વેશ્વરી |
| શ્રદ્ધાંજલિઓ | ૫૦ | વિવિધ સાધકો તરફથી |
| શ્રી માતાજીની જીવનલીલા | ૫૯ | શ્રી બાબુભાઈ વ્હોરા |
| મહાત્માજીની અદ્ભુત સુશ્રુષા | ૬૧ | રાજેશ કાપડિયા |
| મૃત્યુ પ્રસંગે સ્થિરતા | ૬૪ | શ્રી મણિભાઈ શાહ |


# માતૃદેવો ભવ


—શ્રી યોગેશ્વરજી


પૃથ્વીના પટ પર પ્રાદુર્ભાવ પામતાંની સાથે જ આંખ ઉઘાડે છે ત્યારે માનવ સૌથી પહેલાં કોનું દર્શન કરે છે? કોના અવલોકનથી સંપન્ન બને છે? પોતાના પોષણ માટે કોના પિયૂષસંદેશ પયને પ્રાકૃતિક રીતે જ પ્રાપ્ત કરે છે? એની પોતાની માતાના. માતાને જ એ સૌથી પ્રથમ પેખે છે, માતાની જ હૂંફને પામીને આગળ વધે છે, ને માતાની પાસેથી જ પોષણ પામે છે. માતા જ એનું જગત, સંસારના સારરૂપ દેવ, દેવોના દેવ, સર્વ કાંઈ બને છે. માતાની સોડમાં સૂઈને એ મળમૂત્ર કરે છે, ને શાંતિનો શ્વાસ લે છે, સૌથી પહેલાં માતાને જ ઓળખે છે, અને મા શબ્દને જ બોલતાં શીખે છે. સંસારમાં માનવના બે અગત્યના અંતરંગ અવિભાજ્ય અટલ સ્નેહસંબંધો–માતા તથા પિતાના. બીજા સંબંધો એ પછી ઉદ્ભવે. ઓળખાય. કિન્તુ એ ઉભયવિધ સંબંધોમાંથી પણ સૌથી સમીપવર્તી શરૂઆતનો સ્નેહસંબંધ માતાનો હોય છે. માતાના મીઠા મધુમય મમત્વને એ પ્રથમ પામે છે અથવા માણે છે. માટે જ શાસ્ત્રોએ માતાને પ્રથમ યાદ કરી છે ને પ્રણમ્ય માની છે. તૈત્તિરીય ઉપનિષદમાં માતાના મહિમાનું જયગાન કરતાં કહેવામાં આવ્યું છે–માતૃદેવો ભવ. માતાને દેવ બરાબર માનજે. માતામાં રહેલાં, માતારૂપે રહેલા, પ્રકટેલા, પ્રબળ બનેલા, દેવત્વનું દર્શન કરજે. દેવોના દેવ પરબ્રહ્મ પરમાત્માના દર્શનની ઇચ્છાથી પ્રેરાઇને માનવ વ્રત કરે છે, જપ કરે છે, તપ તપે છે, સ્વાધ્યાયનો આધાર લે છે, તીર્થયાત્રા કરે છે, દાનાદિને અપનાવે છે, મૌન સેવે છે, સાધનાના નામે અનેક

પ્રકારના આધ્યાત્મિક અભ્યાસક્રમો, આચારસંહિતાઓને આદરે અને આચરે છે. પરંતુ પરમાત્માનું દર્શન પ્રત્યેક માનવને માટે સહજ હોય છે. ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થયું હોય છે–માતામાં–માતાના સુંદર સ્નેહમય સુધાસભર સ્વરૂપમાં. એ દર્શન માટે બીજે ક્યાંય જવાની, વસવાની, વિહરવાની, તપવાની આવશ્યકતા નથી હોતી. ફક્ત દૃષ્ટિને, મનની વૃત્તિને વિશદ કરવાની, ઉદાત્ત બનાવવાની, અલૌકિક કરવાની ને જે છે તેને સાચા સ્વરૂપમાં અવલોકતાં શીખવાની જ આવશ્યકતા હોય છે. મહાકવિ નાનાલાલે ગાયું છે–

પ્રભુ સઘળે વિરાજે રે સૃજનમાં સભર ભર્યા,
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાંહી ભળ્યા.

એ ચરાચરમાં ભળેલા, વ્યાપેલા, વિસ્તરેલા, ભરેલા ભગવાનને ઘરમાં જ જોવા હોય, પાસેમાં પાસે જ પેખવા હોય, તો માતાના મનહર મંગળ સ્વરૂપમાં પેખી શકાય છે. પ્રાચીન કથામાં આવે છે કે કાર્તિકેયે પૃથ્વીની પરિક્રમા–પુણ્યયાત્રા કરી અને ગણપતિએ માતા પાર્વતીની પ્રદક્ષિણા જ કરી, તોપણ ગણપતિને પૃથ્વીની પુણ્યયાત્રાનું ફળ મળી ગયું. એક યુવાને માતાને મૂકીને દેવીના દર્શન માટે એકાંત–સેવન કરીને ઉપવાસ કર્યા. દેવીએ એને સ્વપ્ન આપીને સૂચવ્યું છે કે હું તો ઘરમાં જ છું–માતા સ્વરૂપે. મને મૂકીને તું મારે માટે અનશન કરે છે એના કરતાં મને ઓળખીને મારી સેવા કરતાં શીખ. બીજા એક સાધક વરસોથી નવરાત્રિ વ્રત કરે, દેવીના મંદિરે જાય, અનુષ્ઠાનો આદરે. પરંતુ પોતાની માતાનું ધ્યાન ના રાખે. માતાની સામે બોલે. માતાને ગાળો દે. માતાની સાથે દુર્વ્યવહાર કરે. એને કોઈક સંતપુરુષે સ્વપ્નમાં જણાવ્યું કે તારી સાધના અધૂરી છે. મા તો તારા ઘરમાં જ છે. એની સાથે સારો વ્યવહાર કર. સારી રીતે

( અનુસંધાન પાનું ૧૩ )



# મમતાળુ માતાનાં મધુર સ્મરણો

સર્વેશ્વરી

ભાવનગરની ભાગ્યશાળી ભૂમિ ઉપર ફરી એકવાર પૂ. શ્રી યોગેશ્વરજીના માતાજીની નજીક આવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. એ મહાન તપસ્વી માતા અને એના વિશ્વવિભૂતી બની રહેલા સંતપુત્રના જીવનને નિહાળવાનું મળ્યું.

આજે તો ભાવનગરની ભૂમિ મને સુખી અને દુઃખી સ્મૃતિઓથી ઘેરી વળી છે. બન્ને પ્રકારની સ્મૃતિનું સંસ્મરણ આવશ્યક છે.

વરસોથી પૂ. શ્રી યોગેશ્વરજીની સાથે એમના માતાજી શ્રી જ્યોતિર્મયીનું દર્શન દરેક શહેરમાં પ્રવચન સાંભળનાર દરેક વ્યક્તિને એકસાથે એક મંચ ઉપર થતું. એ રીતે ઇ સ. ૧૯૭૦ થી મને પણ એ માતાપુત્રની વિરલ અધ્યાત્મિક જોડીને નિહાળવાનું સદ્ભાગ્ય મળ્યા કર્યું છે.

પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રથમ વિદેશયાત્રાના વિદાય સમારંભમાં અમદાવાદ જવાનું બન્યું. સમારંભને અંતે પ્રથમવાર પૂ. શ્રી ના બહેનના ઘરે રહેવાનો આગ્રહ થયો. રાત્રે મોડા પણ ભોજન તૈયાર થયું. માતાજીના અતિઆગ્રહને વશ થઈ તે ભોજન લીધું. વળી નડિયાદ એકવાર ધૂળેટીને દિવસે માતાજીના હાથનો પ્રસાદ મેળવવાનું સદ્ભાગ્ય મળ્યું.

સૂરતમાં ૧૯૭૭માં પ્રકાશના પંથે પુસ્તકનું ઉદ્ઘાટન થયું તેના બે ત્રણ દિવસ બાદ રાત્રે માતાજી પાસે બેસવાનું સદ્-

ભાગ્ય શ્રી વીણાબહેન અને નિરંજનાબહેનને લીધે મળ્યું. જેમાં માતાજીએ પોતાના જીવન પ્રસંગો અમને વર્ણવ્યા હતા. જેમાંનો એક પ્રસંગ તેમના શ્રીમુખે જ સાંભળીએ.

“ મહાત્માજી પાસે દેવપ્રયાગની કુટિયામાં મારે રહેવાનું બન્યું ત્યારે તેઓ દીવો તો રાત્રે કરતા જ નહીં. આખી રાત અંધારામાં જ પસાર કરતા. કુટિયામાં સાપ, વીંછી ને જુદા જુદા જીવજંતુઓ ફરતાં.

એકવાર રાત્રે મને કંઈક ભયંકર દર્દ શરૂ થયું. સાપ જ કરડ્યો હશે. વેદના વધતાં મહાત્માને મેં બૂમ મારી. મહાત્માજી કહે કશું નથી, ભગવાનનું નામ લો. પણ ફરી વેદના વધતાં દીવો કર્યો. કશું દેખાયું નહીં.

પણ પર્વતની નીચે કુટિયાથી બે ફર્લાંગ જેટલે દૂર મગનભાઈ ભટ્ટ નું ઘર આવે ત્યાં અમે બન્ને રાત્રે દોઢ બે વાગ્યે પહોંચ્યાં. ઈંજેકશન લીધું. કમ્પાઉન્ડરે કહ્યું, અહીં જ સૂઈ જાઓ જેથી પીડા વધે તો ઉપાય થાય. મેં ના પાડી. હું તો મહાત્માજી સાથે જ રહીશ. ને ફરી અમે બે ફર્લાંગ ચાલીને પર્વત ઉપર કુટિયામાં આવ્યાં. આખીરાત કુટિયાની નાની બારી જેવા બારણાની બહાર મોઢું રાખીને બેસી રહેવું પડયું. સવાર સુધી ઉલટી થતી રહી. સવારે કમ્પાઉન્ડર અમારી કુટિયા ઉપર આવ્યા. તેને નવાઈ લાગી કે હું હજી જીવું છું.

પ્રસંગ અમે સાંભળી રહ્યા. માતાજીની કેવી અદ્ભુત સહનશક્તિ, કેવો કષ્ટપ્રદ હિમાલયપ્રવાસ અને છતાં પોતાના દુ:ખને નગણ્ય ગણી મહાત્માજી સાથે જ રહેવાની કેવી ભાવના!

એકવાર મણીનગર બપોરે ૩–૩૦ વાગ્યે મારે પહોંચવાનું



થયું. પૂ. શ્રી નો રૂમ ખુલ્લો હતો. માતાજી પલંગ ઉપર બેઠાં હતાં. અમને અંદર બોલાવી લીધાં. મેં મારી પાસેની ફૂલની માળા માતાજીને પહેરાવી અને બીજી માળા પૂ. શ્રી રૂમમાં આંટા મારતા હતા તેમને પહેરાવવાની તૈયારી કરી ત્યાં જ પૂ. શ્રી કહેવા લાગ્યા, હજી વાર છે.

ત્યારે મને સમજાયું કે હજી ચાર વાગ્યા નથી. સમય પાલનના ચૂસ્ત આગ્રહી આ સંતપુરુષ ને મળવાનો ( મુલાકાતનો ) સમય હજી થયો નથી.

તો એ રૂમમાં પ્રવેશવાનું સદ્ભાગ્ય કોને લીધે મળ્યું. સૌ કોઈ મુલાકાતીઓને પોતાના જ લાગતા આ માતાજીને લીધે. માતાજીનો પવિત્ર પ્રેમભાવ એવો કે મુલાકાતીઓને તેઓ સમય થયો ન હોય તો પણ પ્રેમથી આવકારતાં.

વળી દક્ષિણની યાત્રાએ પૂ. શ્રી સાથે જોડાવાનું સદ્ભાગ્ય મળ્યું. અમારો પ્રથમ વિશ્રામ નાશિકમાં હતો. રાત્રિના સત્સંગમાં પૂ. શ્રી ના નાશિકમાં થયેલા ઉપવાસોનું વર્ણન પ્રકાશના પંથેમાંથી વંચાયું. બીજે દિવસે તે ઉપવાસનું સ્થળ જોવા અમને ઇચ્છા થઈ તો માતાજી સાથે અમે તે સ્થળ જોવા ગયાં. અમારી સાથે માતાજી આવ્યાં ને એ નેમાણીનો બંગલો કે જેમાં પૂ. શ્રી ક્યાં બેસતા, ઉપવાસો સમયે તેમની સ્થિતિ કેવી હતી, ચંપકભાઈ નો ઉત્સાહ કેવો હતો. વળી પ્રકાશના પંથેમાં ફોટો છે તે ક્યાંનો હતો તે બધી જ જગ્યા બતાવીને ખૂબ પ્રેમપૂર્વક વાતો કરી.

પોતાના લાડકવાયાની સાધનાની ભૂમિનું દર્શન કરતાં અને અન્યને કરાવતાં કયી માતાને આનંદ ના થાય? અને એમાં પણ સાધનામાં સમજપૂર્વકનો સહકાર આપનાર આ

માતાના મુખ ઉપર જીવનકર્તવ્ય બજાવ્યાનો સંતોષ અને પ્રસન્નતા અમે સૌ જોઈ શક્યાં.

આ વરસે વડોદરા માતાજી સાથે થોડા દિવસો રહેવાનું સદ્ભાગ્ય મળ્યું. પોતાનું કાર્ય પોતે જ કરી લેવાનો એમનો આગ્રહ જોવા મળ્યો; જેથી માતાજીના જીવનમાં વિશેષ સેવા કરવાની તક ત્યારે ન મળી.

ઓગષ્ટની વીસમી તારીખે માતાજી સાથે અમે ભાવનગર આવ્યાં. ત્યારપછીની ઘટના સુવિદિત છે.

માતાજીની માંદગી વધવા લાગી. પરિણામે માતાજીને પથારીવશ થવું પડ્યું. ધીરે ધીરે માતાજી માટે દૂધ, મોસંબીનો રસ, નાળિયેરનું પાણી તૈયાર કરવાનું સેવાકાર્ય મળવા માંડ્યું. વળી માતાજીને સ્નાન કરાવવાનું ને મળત્યાગ કરાવવાનું પૂ. શ્રી નું સેવા કાર્ય હતું તેમાં મદદરૂપ થવાનું શરૂ થયું.

માતાજીએ તા. ૧૯ ઓગષ્ટે શક્તિનું ઈન્જેકશન જે અમદાવાદમાં લીધું હતું તે ઈન્જેકશન પાક ઉપર ચઢતાં ફરજીયાત તા. ૧૫મી સપ્ટેમ્બરે તેમને હોસ્પીટલમાં દાખલ કરવા પડ્યાં.

સેવાભાવી ડોકટરોની વિશેષ કાળજીથી સ્પે. રૂમ મળી શક્યો. જેમાં એક નાનકડા ઘર જેવા સ્વતંત્ર રૂમમાં માતાજીની સારવાર હોસ્પીટલમાં જ શરૂ થઈ.

તા. ૧૬/૯/૮૦ ના રોજ માતાજીના એ ઈન્જેકશનના પાક ઉપર તાત્કાલિક ઓપરેશન કરવું પડ્યું, અને ત્યારથી તેઓએ સંપૂર્ણ સેવા લેવી પડે એવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો.



વૃદ્ધાવસ્થા, ડાયાબીટીસની બિમારી, ઓપરેશનની વ્યથા, અસહ્ય દર્દની વેદના છતાં માતાજી ખૂબ શાંતિથી કોઈપણ પ્રકારના પ્રલાપો સિવાય સૂઈ રહેતાં. દિવસ રાત કંઈ કેટલી- દવાની ટીકડીઓ એમને આપવી જ પડતી તો શાંતિથી ગળે ઉતારવાની અસહ્ય તકલીફ છતાં નારાજી ન બતાવતાં. કંટાળો કે ગુસ્સો પણ પ્રદર્શિત ન કરતાં.

સામાન્ય માનવને વરસોથી તપશ્ચર્યા પછી મળતો શાંત સ્વભાવ માતાજીમાં સ્વાભાવિક રીતે દૃષ્ટિગોચર થતો હતો.

માતાજીએ પોતાની સર્વપ્રકારની સેવા થાય છે તેની સંતોષ સાથે નોંધ લીધી. નોંધ લઈને બેસી ન રહેતાં જે તે યોગ્ય વ્યક્તિ આગળ પોતે મહાત્માજીની અને મારી સેવાની નોંધ પ્રગટ કરતાં.

ઓપરેશન પછી તરત જ મને માતાજીએ કહ્યું, ' બેન તેં મારી ખૂબ સેવા કરી. ' ત્યારપછીના દિવસોમાં માતાજીને મારામાં એક પ્રકારનો વિશ્વાસ વધતો ગયો, જેથી માતાજી વિવિધ વહાલભર્યા સંબોધનો કરી કરીને મને પાસે બોલાવતાં. કહેતાં કે તું મને છોડીને જઈશ નહીં, મારી સાથે જ રહેજે. તું સેવા કરે છે ભલું કરે ભગવાન તારું. વળી એમની દીકરીને બોલાવીને કહ્યું. એ ખૂબ પ્રેમથી સેવા કરે છે. એ તો મારી છોકરી છે,— વગેરે વગેરે.

હોસ્પિટલમાં માંદગીના બિછાને ( જેને માતાજી વારંવાર મરણપથારી કહેતાં ) પોઢેલાં માતાજી અન્યની નાનકડી પ્રેમથી કરાયેલી સેવાની મુક્તકંઠે પ્રશંસા કરવાની ઉદારતા ધરાવતાં હતાં.

માતાજીએ પોતે તા. ૪થી ઓકટોબરે દેહત્યાગ કર્યો તે પહેલાના ૧૯ દિવસોમાં માતાજીનું પવિત્ર પ્રેમસ્વરૂપ પૂર્ણ

પ્રકાશિત થઈ મારા ઉપર અલૌકિક પ્રેમવર્ષા ને શુભાશિષોની વર્ષા વરસાવતું હતું. મધુર, મમતાભર્યું માનું હૈયું કેવું હોય એની પ્રતીતિ જ્યારે જ્યારે માતાજી મારા ગળે હાથ વીંટાળીને વહાલ વરસાવતાં, વાતો કરતાં ત્યારે ત્યારે અનુભવવા મળતી. માતાજીના આશીર્વાદ ને એમના પવિત્રપ્રેમને હું પાત્ર બની શકી એવા આત્મસંતોષ સાથે એમની સેવા શ્રેષ્ઠ રીતે કરવાની નવી તાજગી, નવી શક્તિ, નવી પ્રેરણા માતાજી દ્વારા હું મેળવી શકતી.

કોઈ શ્રેષ્ઠ યોદ્ધો યુદ્ધ માટે હંમેશા તૈયાર રહે, એને જીવનમરણની ફિકર ન હોય એવા જ કોઈ શ્રેષ્ઠ યોદ્ધાના દર્શન માતાજીમાં મને થયાં. એઓ કહેતાં મને જીવનનો હરખ નથી, મરણનો શોક નથી. જે થવાનું હશે તે થશે. હું મહાત્માજી પાસે છું એટલે મને નિરાંત છે. જવાનું થશે તો પણ વાંધો નથી. વગેરે...

આવા શબ્દો આવી મરણોન્મુખ બીમારીમાં કોણ બોલી શકે ? એ તો જેને સમર્થસંતની ઓથ મળી ગઈ હોય, જેનું જીવન કર્તવ્ય બજાવ્યાના આનંદથી સંતુષ્ટ થયું હોય, જેને પ્રભુના સુખદ કે દુઃખદ કોઈપણ નિર્ણયમાં પોતાનું કલ્યાણ છે એવી શ્રદ્ધાભક્તિભરી સમજ પ્રગટી ચૂકી હોય, તેજ, તેજ આ શબ્દો બોલી શકે.

માતાજીમાં આ સર્વ કાંઈ હતું. તપસ્વીની માતાએ પોતાનું જીવન ધન્ય બનાવ્યું. ને શાંતિથી વિદાય પણ લીધી.

જય જય શ્રી જ્યોતિર્મયી માત
ધન્ય ધન્ય તપસ્વીની માત
વંદું તુજને વારંવાર



## સર્વધર્મોના સમન્વયકા શ્રી રામકૃષ્ણ પરમહંસ

શ્રી રામકૃષ્ણ ત્રીસ કરોડ ભારતીઓના બે હજાર વર્ષના આધ્યાત્મિક જીવનની મૂર્તિ સમા છે. તેમણે મહાન આધ્યાત્મિક સત્યોને સાદા શબ્દોમાં તથા સચોટ કથા-વાર્તાઓમાં રજૂ કર્યાં છે, તેથી તે ઉપદેશો મોટા પંડિતોને તેમજ આધુનિક સુધારાથી સાવ અલિપ્ત એવા ભોળા અભણ ગ્રામવાસીઓને પણ સમજાઈને હૃદયંગમ થવામાં અપ્રતિમ બન્યા છે. એ મહાન ઉપદેશોના વિષયો અત્યંત ગહન છે. જેવા કે સગુણ અને નિર્ગુણ ઈશ્વર, જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગ, વિવિધ ધર્મોના બહારથી દેખાતા ભેદો, પરંતુ તેમના પાયામાં રહેલી એકતા વગેરે વિષયો ગંભીર હોવા છતાં તેમનું નિરૂપણ સીધું ને સચોટ, સાંભળનારના મનનું તરત સમાધાન કરે તેવું, હંમેશાં ચોખ્ખું, સ્પષ્ટ અર્થવાળું તથા તેમના પ્રત્યક્ષ અનુભવની પ્રતિભાથી પ્રકાશિત બનેલું છે. એને લીધેજ તેમના ઉપદેશો પ્રમાણભૂત છે. શ્રી. રામકૃષ્ણ પરમહંસનું જીવન માત્ર હિંદુઓના સનાતન ધર્મ માટેજ નહિ, પરંતુ સર્વધર્મો અને પંથોને માટે સર્વશ્રેષ્ઠ ઉદાહરણ રૂપ છે.

—રેમા રેલાં

---

( પાના ૬ નું ચાલુ )

વાત કર. એના આત્માને સંતોષ આપ. ત્યારે જ તારી સાધના ફળશે. એ સાધકની આંખ ઉઘડી ગઈ. એનું જીવન ધન્ય બન્યું.

માતાના શરીરમાં તીર્થો છે. એના ચરણોમાં રિદ્ધિસિદ્ધિ વસે છે. દેવો રહે છે. માતાની સેવા કરીએ. એના ઉપકારોને યાદ કરીને કૃતજ્ઞતાપૂર્વક એની સુખાકારી ને શાંતિ માટે બનતું બધું જ કરી છુટીએ એના આશીર્વાદ મેળવીએ. જીવન ધન્ય બનશે. કૃતાર્થ થશે. સુખશાંતિથી સંપન્ન બનશે.

ભાવનગર, ૧૨-૧૦-'૮૦ રવિવાર.

# માતાજીને અંજલિ

શ્રી યોગેશ્વરજી

સંસારમાં લૌકિક રીતે માનવના બે મુખ્ય મહત્ત્વના સંબંધો મનાય છેઃ એક સંબંધ પિતાનો, બીજો માતાનો. મારા વ્યક્તિગત જીવનપ્રવાસમાં પિતાનો સંબંધ સાંસારિક રીતે મારી આઠેક વરસની વયે પૂરો થયો. એ પછી પચાસેક વરસ સુધી માતાજીનો સંબંધ રહી શક્યો. તેમાં પણ છેલ્લાં ત્રીસેક વરસ તો એ સર્વ પ્રકારના બાહ્ય સાંસારિક સંબંધોને પરિત્યાગીને કે ગૌણ ગણીને, બીજી લૌકિક પ્રવૃત્તિઓને તિલાંજલિ આપીને મારી સાથે જ રહ્યાં, એ ઇતિહાસ સુવિદિત છે. છેલ્લે છેલ્લે ભાવનગરમાં ચોથી ઓક્ટોબર ૧૯૮૦ ની સવારે એમણે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો તે વખતે પણ અમે સાથે જ હતા.

ભારતમાં સંત મહાત્માઓ અનેક થયા છે ને આજે પણ છે. પરંતુ પોતાની સાથે પોતાની માતાને રાખનારા અને માતાને પરદેશ પણ લઈ જનારા સંતો ભાગ્યે જ થયા છે. એવા સંતોનાં નામ વિરલ છે. રમણ મહર્ષિના આશ્રમમાં એમની પાસે એમનાં માતા રહેતાં. રામકૃષ્ણ પરમહંસદેવનાં માતા ચંદ્રમણિદેવી અવારનવાર એમની પાસે રહેવા આવતાં. રંગ અવધૂત મહારાજનાં માતા એમની સાથે નિવાસ કરતાં. પરંતુ એ એમના ભારતપ્રવાસમાં કે પરદેશપ્રવાસમાં સાથે રહ્યાં હોય એવું નથી બન્યું. નથી સાંભળ્યું. માતાજીને સ-વિશેષ સુયોગ સાંપડી શકેલો. એટલું જ નહિ, પરંતુ એમના જીવનનું એક બીજું પાસું પણ જાણવા જેવું હતું. એ મારી સાથે રહેતાં એ તો સાચું જ, પરંતુ સમજપૂર્વક સાથે રહેતાં



એ પણ એટલું જ સાચું હતું. એ મારી સાથે રહેવા આવ્યાં તે પછીથી ક્રમે ક્રમે મારી અનુકૂળતા પ્રમાણે મેં એમને મારી સાધનાથી સુપરિચિત કરેલાં, જેથી એ સમજી શકે કે અમારા હિમાલયનિવાસની પાછળ એક ઉદાત્ત અસાધારણ આદર્શ કામ કરી રહ્યો છે. મારા સાધનાત્મક જીવન દરમિયાન વચ્ચે વચ્ચે જે દીર્ઘકાલીન કે અલ્પકાલીન ઉપવાસો થતા તેમના પ્રયોજનથી પણ હું એમને પરિચિત રાખતો. એ પ્રયોજનને એ એમની રીતે સમજી શકતાં, અને એથી જ મારા માર્ગમાં અંતરાયરૂપ બનીને મુશ્કેલી ઊભી કરવાને બદલે બનતી બધી રીતે મદદરૂપ બનતાં. એ સારી પેઠે સમજી શકતાં કે મારા જીવનનું પ્રયોજન સદાને માટે સર્વ સંગ પરિત્યાગી બનીને સમાજનો સંબંધ વિચ્છેદ કરીને બેસી રહેવાનું કે જીવનને હિમાલયના નિતાંત એકાંતમાં નિર્ગમન કરી દેવાનું અને એક દિવસે અવનીમાંથી અજ્ઞાતરીતે અદૃશ્ય થઈ જવાનું નથી. એકાંતવાસ અથવા સર્વસંગ પરિત્યાગનો બહારનો સ્થૂળ તબક્કો તો એક મહાન વિરાટ લોકહિતકારક ધ્યેયની સિદ્ધિ માટેનો વચગાળાનો કામચલાઉ તબક્કો છે. એને ઈશ્વરની ઇચ્છા કે યોજના સમજીને ધીરજ, હિંમત, શાંતિપૂર્વક સાધનાપરાયણ બનીને પસાર કરવાનો છે. એવી સુસ્પષ્ટ સમજણને લીધે એમને એકાંતવાસ કરવામાં આનંદ આવતો અને સંતોષાનુભવ થતો. એમના જ્યોતિર્મય જીવનના એ પાસાંને સમજવા જેવું છે.

સૌથી પ્રથમ મેં ઈ. સ. ૧૯૪૧ માં હિમાલયપ્રયાણ કર્યું. એ પછી ૧૯૪૨ ના અંતે પુનઃપ્રયાણ કર્યું. ત્યારે એમને મારી મનોદશાથી માહિતગાર કરીને જ મેં પ્રયાણ કરેલું. એમને માટે એ વખતે ત્યાગના એ આદર્શને અને મારી સાધનાત્મક ભૂમિકાને સમજવાનું સહેલું ન હતું. એ છતાં

પણ એમણે મારો વિરોધ નહોતો કર્યો. પાછળથી વાત નીકળતાં એ કહેતાં કે હું એ વખતે વિરોધ કરત તોપણ તમે તો જાત જ કે ધારેલું કરત જ. પછી વિરોધ કરીને શું કરું ? એટલે મેં વિરોધ ના કર્યો. હિમાલયમાં આઠેક દિવસ હું એકલો જ રહ્યો ત્યારે એ ઘેર સરોડા કે વડોદરા રહેતાં. એમને માથે એમનાં સાસુની ને નાની બહેન તારાની સંભાળ રાખવાની સાંસારિક જવાબદારી હતી. એ જવાબદારીમાંથી મુક્તિ મેળવીને એ મારી સાથે સદાને માટે રહેવા આવ્યાં ત્યારે પણ મેં એમને અમારા દેવપ્રયાગના નિવાસ દરમિયાન ને પાછળથી ઋષિકેશના ભરતમંદિરમાં ગીતા અને ઉપનિષદના શ્લોકો શુદ્ધ રીતે બોલતાં ને સમજતાં શીખવેલા. એમને જપ અને ધ્યાનની વિધિ પણ બતાવેલી. એમની રહીસહી દુન્યવી મમતા અને આકર્ષણવૃત્તિનો અંત આણવા માટે એમને અવારનવાર ઉપદેશો પણ આપેલા, એવી રીતે એ કેવળ સાથે રહીને મારી સાધનાનાં મૂક પ્રેક્ષક તરીકે બેસી જ ના રહે, પરંતુ આધ્યાત્મિક માર્ગે આગળ વધીને જીવનધારણને ધન્ય બનાવે એવા પ્રયત્નો કરેલા. એ પ્રયત્નો ક્રમેક્રમે વખતના વીતવા સાથે સફળ થયેલા. એનો મને સંતોષ હતો.

મારા જીવનની એક ઇચ્છા હતી કે એમનું શરીર જ્યારે પણ શાંત થાય ત્યારે મારી સંનિધિમાં જ શાંત થાય. અને બીજી ઇચ્છા એ હતી કે એમનો આત્મા અલૌકિક બનીને રાગદ્વેષરહિત થઈ ને પરબ્રહ્મ પરમાત્મામાં મળી જાય. પાછલા દિવસોમાં એમનું શરીર ડાયાબિટીસને લીધે અસ્વસ્થ રહેતું હોવાથી કદીક એ મારી પાસે ના પણ રહી શક્યાં. ભાવનગરમાં એમનું સ્થૂળ શરીર શાંત થયું ત્યારે એ મારી સાથે જ હતાં. મારી એ ઇચ્છા એવી રીતે પ્રભુકૃપાથી પૂરી થઇ અને અંતકાળે એમનો આત્મા અત્યધિક અલૌકિક, આવરણરહિત બન્યો.



એ અવલોકીને મને અસાધારણ આનંદ થયો. હવે એ સૂક્ષ્મરૂપે પણ સંસારમાં નથી રહ્યાં. પરબ્રહ્મ પરમાત્મામાં ભળી ગયાં છે. એ જોઈને મને સંતોષ થયો છે મારી બીજી ઈચ્છા પણ એવી રીતે પૂરી થઇ છે.

એ પોતે તો ઉજ્જવળ જીવન જીવી જ ગયાં છે. પરંતુ સાથે સાથે અન્યને માટે જ્યોતિર્મય જીવનની પાર વિનાની પ્રેરણા મૂકતાં ગયાં છે.

એમની સેવા કરવાનો સુયોગ સાંપડ્યો એ ઈશ્વરની કૃપા. મા સર્વેશ્વરીએ એમાં સાથ પુરાવ્યો, સહયોગ આપ્યો. મા સર્વેશ્વરીને મા કેમ કહેવામાં આવે છે, એની પ્રતીતિ મને માતાજીના જીવનના એ અંતિમ દિવસોમાં થઈ શકી. મા સર્વેશ્વરીએ મારી સાથે રહીને સદાય સ્મિતપૂર્વક, કોઈ પણ પ્રકારના કંટાળા વિના, માતાજીની સેવા કરી. માતાજીનાં મળમૂત્રને સાફ કરવાથી માંડીને એમના શરીરે તેલ ચોળવું, પાવડર છાંટવો, અને એમને પ્રસન્ન રાખવા માટે અવારનવાર પ્રેમપૂર્ણ શબ્દો કહેવા, એ બધું મા વિના બીજું કોણ કરી શકે ? એમના એ મા રૂપની ત્યારે પ્રતીતિ થઈ. એમના માથે સેવાની કોઇ સાંસારિક જવાબદારી નહોતી. તોપણ એમણે જે પરમ પ્રેમભાવે એ સેવાકાર્ય ઉપાડી લીધું એને લીધે માતાજીનો એમને માટેનો પ્રેમભાવ વધી પડ્યો. એ પ્રબળ પ્રેમભાવને એમણે અનેક રીતે અનેક વાર પ્રગટ કર્યો. સર્વેશ્વરીની સેવાથી એમને પરમ સંતોષ થયો. સર્વેશ્વરીને પોતાને પણ શાંતિ થઈ. વસવસો એટલો જ રહી ગયો કે માતાજી હજી થોડુંક વધારે જીવી ના શક્યાં ! મા સર્વેશ્વરીની એવી ભાવના હતી, એ ભાવનાની અભિવ્યક્તિ એમણે મારી આગળ અનેકવાર કરેલી. પરંતુ એ તો બધું ઈશ્વરના હાથમાં હોય છે. આપણે આપણા કર્તવ્યથી જ સંતોષ માનવો પડે છે.

( અનુસંધાન પાનું ૨૨ )

# પૂ. માતાજી એક વિરલ વ્યક્તિત્વ

નારાયણ હ. જાની

પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીનો પ્રથમ પરિચય મને ૧૯૪૫માં મુંબઈ મુકામે થયેલો. ૧૯૪૪માં તેઓશ્રી પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમ જ શ્રી ચંપકભાઈ વોરાની સાથે હિમાલયની ચારધામની યાત્રાએ ગયેલાં.

તે યાત્રા પૂરી કરી પૂ. શ્રી યોગેશ્વરજી ૧૯૪૫ના ડિસેમ્બર-માં મુંબઈ આવેલાં. આ વખતે તેઓશ્રી સાથે પૂ. માતાજી પણ હતાં. મુંબઈમાં અમારે ત્યાં આવવાનો આ તેમનો પહેલો પ્રસંગ હતો. અમારી રૂમ નાની હતી, પરંતુ અમારા આખા કુટુમ્બ સાથે પૂ. મહાત્માજીને જે આત્મીયતા હતી, એથી સહેલાઇથી તેઓ પણ અમારા સહુ સાથે સરળતાથી ભળી ગયાં.

તે વખતે પૂ. માતાજી ગામડામાંથી આવતાં કોઇ સીધાં, સાદાં સરળ ગ્રામવાસી જેવાં લાગતાં. તેમને પ્રથમવાર જોતાં મને વિચાર આવેલો કે નાના સરખા મનુભાઈ સાથે છેક દહેરાદૂન સુધી એકલાં જવાની હિમ્મત તે સમયમાં તેમણે કેવી રીતે કરી હશે ? પૂ. મહાત્માજી પ્રત્યેના પ્રબળ પ્રેમને લીધે જ બધી જ દેખતી મુશ્કેલીઓની અવગણના કરી તેઓ હિમાલય જેવા પર્વતીય પ્રદેશની યાત્રાએ જવાની હિમ્મત કરી શક્યાં. એમાં એમના મજબુત મનોબળનું ને લોકોના અભિપ્રાયોને સાંભળ્યા છતાં અવગણવાની શક્તિનું દર્શન થાય છે.

તે સમયે માતાજી પોતાની પાસે જરૂરત જેટલાં કપડાં રાખતાં. પરંતુ તે બધાં કપડાં સાદાં હોવા છતાં સ્વચ્છ હતાં. તેમને તે સુઘડ રીતે ઘડી વાળીને રાખતાં ને મૂકતાં. આધુનિક



શિક્ષણથી સાવ વંચિત રહ્યા છતાં, સારા શિક્ષણ અને ઉછેરના પરિણામે આવતી આવી ટેવો તેમના ગ્રામ્ય ઉછેરમાં પણ કેવી રીતે આવી હશે ? એવો વિચાર આવતો. પોતાની થોડી ચીજો પણ તેઓ ખૂબ ચોકસાઈપૂર્વક ગોઠવીને નાના સરખા ગોળ ડબા કે પેટીમાં રાખતાં. આમ માતાજી ભલે ગામડામાં જન્મ્યાં હોય, આધુનિક શિક્ષણ ન પામ્યાં હોય અને જીવનનાં પ્રથમ પચ્ચીસ વર્ષ ખેડૂત કુટુમ્બ પરિવારનું જીવ્યાં હોય અને તે પણ ખૂબ અભાવવાળું ને આર્થિક મુશ્કેલીઓથી ભરપૂર. છતાં પણ પૂ. મહાત્માજી સાથે રહેવાની જીવનમાં જ્યારે તક મળી ત્યારે તેઓમાં મૌલિકપણે રહેલા સ્વચ્છતા, સુઘડતા ને ચોકસાઈના ગુણો આપોઆપ પ્રકટ થઈ ગયા, સાથે સાથે એમનો વાત્સલ્યપૂર્ણ સ્વભાવ ને મનની વિશાળતા, ભિન્ન ભિન્ન પ્રકારના લોકો સાથે ભળવામાં એમને ખૂબ ઉપયોગી બન્યો. પછી ભલે તેઓ હિમાલયના ગઢવાલ વિસ્તારમાં હોય કે ગુજરાતમાં, કચ્છ, કાઠિયાવાડ કે કલકત્તામાં, મૈસુર, મદ્રાસ કે મુંબઈમાં, ભારતમાં કે ભારત બહાર છતાં ભાષા, જાત કે ધર્મની ભિન્નતા એક માનવ સહજ સંબંધ સ્થાપવામાં તેમને મન કદી બાધારૂપ ન બનતાં. એટલે જ તેઓ હિમાલયના વન-પ્રદેશોમાં ગઢવાલી લોકો વચ્ચે પણ આનંદપૂર્વક વસી શક્યાં. ઇંગ્લેન્ડ કેનેડા ને અમેરિકામાં વસતા ભારતીયોની સાથે પ્રેમ-મય વ્યહવારને લીધે તેઓનાં આત્મીય બની શક્યાં. કેવું અદ્ભુત મળતાવડાપણું !

પૂ. માતાજીનો એક બીજો વિશષ્ટ ગુણ હતો કે તેઓ જ્યારે કોઈ નવા પ્રદેશમાં જાય. ત્યારે ત્યાં જે સારી ચીજો મળતી હોય, તે પ્રેમીજનો માટે યાદ કરીને લેતાં આવતાં. ખાસ કરીને નાની છોકરીઓને તેઓ ખાસ યાદ રાખતાં ને તેઓને માટે માળાઓ, બંગડીઓ, પાકીટ કે અન્ય સાચી

ચીજો ખરીદી, તે ભેટ માટે લાવતાં.

નેપાળમાં આવેલ શ્રી પશુપતિનાથ ઉપર ચઢાવેલી રૂદ્રાક્ષ-માળા તેઓએ મારા માટે ખાસ ખરીદી હતી અને પાંચેક વર્ષ ઉપર ભાવનગર આવ્યાં ત્યારે મને પાસે બોલાવી ભેટ આપી હતી. કયી વ્યક્તિને શું આપવાથી આનંદ થશે, તેની પરખ પણ તેમનામાં હતી.

લોકો પૂ. માતાજીને કોઈ વસ્તુ ભેટ આપતા તો યોગ્ય લાગે તો જ તે સ્વીકારતાં, નહિ તો પ્રેમપૂર્વક ના પાડી દેતાં. લોકો આપે તે સ્વીકારી લેવું ને ગમે તેટલું ભેગું કરવું એ એમના સ્વભાવમાં જ ન હતું. આમ તેઓમાં હંમેશ વિવેક જાગૃત રહેતો. અમે પણ કંઈ આપવા જતા તો કહેતાં. "મારી પાસે આ બધી ચીજો છે, નાહક ખર્ચ ના કરતા." પોતાના પૂર્વ સાંસારિક જીવનમાં દુઃખ, આર્થિક ભીંસ ભોગવ્યા છતાં, તેમનામાં પછી ધન કપડાં કે અન્ય ચીજો સંગ્રહવાની લોભી વૃત્તિ કદી પણ પ્રવેશ્યાં ન હતાં. પરમ પૂ. મહાત્માજીના આવશ્યક પરિગ્રહ સિવાયની વસ્તુઓ કે ધન લેવાની વૈરાગ્ય-વૃત્તિ ને ત્યાગ પૂ. માતાજીમાં પણ દેખાતાં. તેઓ જેમ યોગ્ય વ્યક્તિ પાસેથી જે લેતાં, તેમાંથી બીજા દીનદુઃખીઓને મદદ પણ કરતાં. કેવળ લેવાનું જ શીખેલા કેટલાક ત્યાગીઓ કરતાં આમ તેઓ ભિન્ન તરી આવતાં. દરેક પરિસ્થિતિમાં યોગ્ય અયોગ્યનો તેમનો વિવેક હંમેશ જણાઈ આવતો. એટલે જ તેઓ એક અપરિગ્રહી સંતની સાથે પૂજનીય બનીને રહી શક્યાં. પ્રલોભનો સામે ટકવા માટે પણ નૈતિક બળ જોઈએ છે. જે પૂ. માતાજીમાં અદ્‌ભુત હતું.

પોતાને જે સત્ય લાગે તે નિર્ભીક રીતે કહેવામાં પૂ. માતાજી કદી પણ સંકોચ ન અનુભવતાં. સામા માણસને શું ગમશે તેનો વિચાર કરીને તેઓ પોતાના માનસિક પ્રત્યાઘાતો



કદી છૂપાવતાં નહિ. નિખાલસપણે તે વ્યક્ત કરી દેતાં. છતાં તેમના મનમાં કદી કટુતા પ્રવેશતી નહિ, એ એમની ખાસ વિશેષતા હતી. પ. પૂ. મહાત્માજીને પણ તેઓ પોતાના અભિપ્રાયો ને વિચારો વિના સંકોચ કહેતાં. પાછલાં વર્ષોમાં ડાયાબીટીઝને લીધે તેઓની લાગણીઓ અતિસંવેદનશીલ બની ગઈ હતી. એથી ઘણીવાર તેઓ કટુ પણ બોલી જતાં. છતાં બીજી જ ક્ષણે એક બાળસુલભ સાહજિક નિર્દોષતાથી પોતાની ભૂલ પણ કબૂલી લેતાં. ને સામી વ્યક્તિને પ્રતીતિ કરાવતાં કે તેઓ ખરેખર બાળક જેવાં જ નિર્દોષ ને સરળ છે.

આવાં પૂ. માતાજી સાથે છેલ્લાં પાંત્રીસ વર્ષનો અંગત પરિચય એમાં ભાગ્યે જ કોઈ વર્ષ એવું આવ્યું હશે જ્યારે તેઓ ન મળ્યાં હોય. એટલે તેઓ તો અમારા જીવનમાં સાહજિક રીતે વણાઈ ગયેલાં. એમનો પારાવાર પ્રેમ અમે સહુ પામેલાં ને કોઈ કોઈ વાર ઘરના વડીલની અદાથી તેઓએ આપેલ ઠપકો પણ સાંભળેલો. એ માતાજીની ગર-વાઈ, મનની મોટાઈ, દિલની ઉદારતા ને વીરની ક્ષમા અમે અનુભવતા. એમની ચિર વિદાય એ જીવનમાં ખાલીપાનો અનુભવ કરાવ્યા વિના કેમ રહી શકે? પાસે જતાં જ વહાલ-ભર્યો હાથ માથે કે ખભે મૂકી પૂછતાં, "કેમ દુબળા થઈ ગયા છો? કંઈ ચિન્તા કરો છો કે શું? એવાં માના જેવી મમતા ભર્યાં વાક્યો જીવનમાં હવે પછી પૂછનાર માતૃવત્સલ માતા-જીની વિદાય અમારે માટે ખરે જ કપરી છે. છતાં એ વાસ્ત-વિકતા છે, એ સ્વીકાર્યા સિવાય છુટકો નથી. સંતોષની વાત એટલી છે કે એમના અંતિમ દિવસોમાં એમની યત્કિંચિત સેવા કરવાનું સૌભાગ્ય અમો સહુને મળ્યું.

પૂ. મહાત્માજીની પરમ માતૃભક્તિ ને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની નિઃસ્વાર્થ સેવા પ્રત્યક્ષ નિહાળવાનું સૌભાગ્ય

પણ આ માંદગી દરમ્યાન અમો સહુને મળ્યું. આદર્શ સેવા કેવી હોઈ ને સંપૂર્ણ સમર્પણ કોણ કરી શકે એનું જીવંત ઉદાહરણ આ દિવસોમાં અમે પ્રત્યક્ષ જોયું. એટલે પ. પૂ. માતાજીની વિદાય, શ્રી જગદંબાની પરમ લીલાના એક ભાગ રૂપ લાગ્યું. શક્તિના એક સ્વરૂપે જીવનના પટ ઉપરથી ચિર વિદાય લીધી ને પોતાની અદ્ભુત પ્રેરક સ્મૃતિઓ અનેકોને પ્રેરણા પાવા માટે મૂકતી ગઈ. એટલે તો—

"જય જય શ્રી જ્યોતિર્મયી મા, જય જય હે તપસ્વિની મા' ના શબ્દો મનના ઊંડાણોમાં પ્રતિઘોષ પાડતા આજેય સંભળાય છે, ત્યારે

કવિશ્રી ખબરદારની પેલી કાવ્ય પંક્તિઓ યાદ આવે છેઃ—

"જન્મ ને મૃત્યુ છે; ઊભય સુંદર જગે,
હો ભલે ઊભયના પંથ ન્યારા.
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દીસે,
જ્યાં ખીલે માત્ર શુભસ્મરણ ક્યારા."

---

( પાના ૧૭ નું ચાલુ )

માતાજી કોઈ સામાન્ય સાંસારિક માનવી ન હતાં કિન્તુ અધ્યાત્મરંગે રંગાયલાં પરમત્યાગી પરમાત્માપ્રેમી તપસ્વિની હતાં. એથી જ એમની ભૂમિકા અને એમના ગૌરવને અનુરૂપ, એમના મૃત શરીને હોસ્પિટલના સ્પેશિયલ રૂમ પરથી અમારા નિવાસસ્થાન પર ચોથી તારીખે સવારે મોટરમાં જ પહોંચાડવામાં આવ્યું અને પાંચમી ઓકટોબરે સવારે એમની નનામી કરવાને બદલે એમને મોટરટ્રકમાં સુવાડીને જ સ્મશાનયાત્રા કાઢવામાં આવી. પહેલાં એમને પાલખીમાં બેસાડીને લઈ જવાનો વિચાર હતો કિન્તુ પાછળથી એ વિચાર કૃત્રિમ લાગવાથી એમને પુષ્પમાળાના ઢગલા સાથે સુવાડીને લઈ જવામાં આવ્યાં. બીજે દિવસે પણ એમના હાથપગ એવા જ સહેલાઈથી વળતા હતા અને એમનું વદન પણ મુલાયમ રહેલું. એ એમની વિશિષ્ટતા હતી.



## અમર મૃત્યુ

વિશ્વે ચતુર્દિશ ચિતા પ્રજળી રહેલી,
વિદ્વેષની વિષમતા વિપરીતતાની
વાર્ધક્ય વ્યાધિ વિષ, મૃત્યુ અશાંતિ કેરી,
તેમાં તમે અમૃતસિંચન કાજ આવ્યાં.

જીવ્યાં, તમિસ્ર થરમાં નવ તેજ લાવ્યાં,
દાઝયાં નહિ, અવરને નવ દાઝવાયે
દીધાં; ચિતા હૃદયની શમવી બધીયે
અંતે થયાં પરમ શાંતિ થકી વિદાય.

રાખી ભલે તન ચિતા પર ત્યાં તમારું,
જ્વાળા કરી પ્રગટ તીવ્રપણે સ્મશાને,
કેમે શકો નવ જલી કદિયે તમે તો.

જ્વાળા શકી નવ જરી તમને જલાવી,
ડૂબી ગયાં પરમ જ્યોતિમહીં પ્રસન્ના
અંતે બન્યાં અમર મંગલ, મૃત્યુ મારી.

શ્રી. યોગેશ્વરજી

## નોંધ

પ. પૂ. માતાજી જ્યોતિર્મયીનો આ સ્મૃતિ અંક હોવાથી તેમાં આ વખતે 'પ્રકાશના પંથે' 'આસનો' તેમજ ગયા અંકથી અધૂરો રહેલ "શ્રી સર્વેશ્વરીજી" વિષેનો લેખ આવતા અંકમાં લેવામાં આવશે.

## મારો સ્વજન બન્યો

મારો સ્વજન બન્યો શામળીયો,
પેલો નંદકુંવર મનગમતો.
કુળમાં રે વિરોધ જગાવે, મમતાના બંધન કાપે,
એ રીતે પ્રભુ પ્રતિ વાળે, અવનવી કૃપા વરસાવે.
પ્રભુ માર્ગે મદદ કરે છે, તે સ્વજન ગણાયે સાચે,
એવો સ્વજન બન્યો પ્રભુ પોતે, આનંદની હેલી આજે.
સુખદુઃખ સંભાળવું એને, ઠામ મળ્યું ઠરવાનું એ,
દિવ્યરૂપ ધરી સંભાળે, મારી જીવન નાવ ચલાવે.
દિવ્યદેહે કાર્ય કરે છે, ભકતોને નિત રક્ષે છે,
કોઈ જુએ ના જુએ એને, કાયમ સંગાથ રહે છે.

શ્રી. સર્વેશ્વરી

## ભાવના

પધારીને પૃથ્વી પટ પર તમે સંકટ સહ્યાં.
વિપત્તિઓ વેઠી પ્રતિપદ વિરોધો પણ સહ્યા,
કદી અશ્રુ સાર્યાં ભય અનુભવ્યા દુઃખિત વ્યથા,
તથા ચિંતા માણી. વિરહ નિરખ્યા આપ્તજનના.
પધારીને પૃથ્વી પર પ્રણયથી તો પણ તમે,
ક્ષમાથી કારુણ્યે પરમ શુચિતાથી સુખ વડે,
સુખી કીધાં કૈને રસમય કર્યાં ચેતન ધર્યાં
તમિસ્ર આત્માનાં કિરણ વિષમાં અમૃત ભર્યાં.
પધારીને પૃથ્વી પટ પર તમે જ્યોતિ જગવી
અનાસક્તિકેરી. અમૃતપદની સ્વાર્પણ તણી,
ન ભૂલ્યાં કોદીયે નિજ વતનને, લિપ્ત ન થયાં,
જવાનું આવ્યું તો સરળ હૃદયે સત્વર ગયાં.
તમે જ્યાં હો ત્યાંથી પ્રતિદિન શુભાશિષ વરસો,
અમીદૃષ્ટિ ઢાળો જગત જગવો દિવ્ય સ્પરશો.

શ્રી. યોગેશ્વરજી



## બા

(પ. પૂ. માતાજીને અંજલિ)

વદને પ્રેમ-પ્રદીપ પ્રકાશે.
નયણે વ્હાલપ-ભરતી ભાસે,
નિર્મલ હાસે,
ઉર ઉલ્લાસે,
સદન સરસ સોહાવે આઃ
વિનય વિમલ વત્સલમૂર્તિ શી ગૃહરાજ્ઞી એકલડી બા.
દુઃખ-ગ્રીષ્મે, સુખદા ઋતુરાજે,
ધ્રુવસ્થિર સ્નેહ સદૈવ વિરાજે,
સહુને કાજે,
દિલમાં દાઝે,
નવ કદીએ અપેક્ષિતા,
સ્વાર્થસભર સંસારે સોહે નિઃસ્વાર્થી એકલડી બા.
શિશુનું શીલ ને ભાવિ ઘડવા,
યમ નિયમો ને જીવન જડવા,
માનવ કરવા,
ચેતન ભરવા,
જલે સ્વયં દીપ પેટવવા,
જલતી, રડતી, દુઃખડાં સહત, જગમરુભોમે વીરડી બા.
સ્નેહ-જીવનનું મિષ્ટ રસાયણ,
કોણ કહે ના તુજને સ્વાર્પણ,
કુટુંબ માલણ,
ધર્મ પરાયણ,
આદ્યશક્તિની પ્રતિમા આઃ
બાળ ઘડી નવરાષ્ટ્ર ઘડે, સંસાર સુહાવે સ્નેહલ બા.

[ अनामि ]

# એક સાધકબહેનનો અદ્ભુત અનુભવ

—તંત્રી

[ પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના અવસાન પછી તેઓશ્રીનો પાર્થિવ દેહ, પ. પૂ. શ્રી યોગેશ્વરજીના સરદારનગર ખાતેના ઉતારા ઉપર ભક્તોના દર્શન માટે રાખવામાં આવેલ. તે પ્રસંગે, શ્રી. કુસુમબેન જયન્તીલાલ પટેલ, ઉંમર વર્ષ ૬૦ કુબેર પટેલની શેરી, કણબીવાડ, ભાવનગર, ને જે અનુભવ થયો તે તેઓની શ્રદ્ધા ભક્તિનો દ્યોતક છે, એટલું જ નહિ, પરંતુ પ. પૂ. શ્રી. યોગેશ્વરજી, પૂ. માતાજીમાં તથા પૂ. શ્રીસર્વેશ્વરીમામાં જગદંબાનું દર્શન કરે છે, તેનું સમર્થન પણ કરે છે. ]

શ્રી. કુસુમબેન બહુ ભણેલાં નથી, પણ સરળ ને પવિત્ર દિલનાં શ્રદ્ધાળુ, પ્રેમાળ સાધક છે. એટલે એમના શબ્દોમાં જ એની અહીં રજુઆત કરી છે.

" ભાદરવા વદ અગિયારશ તા. ૪–૧૦-૮૦ શનિવારની સાંજે હું માતાજીના પાર્થિવ દેહના દર્શને ગઈ ત્યારે અંદરનો ઓરડો આખો ભરેલો હતો. બહાર પણ લોકો ઘણા હતા. સ્તોત્ર પાઠ ચાલતાં. એમાં બહારગામથી મહેમાનો આવ્યા ને અંદર બેઠેલા ભાઈ-બેનો બહાર નીકળી આગંતુકોને દર્શનાર્થે જગ્યા કરી આપી. દર્શન કરી સૌ બહાર જતાં રહેતાં હતાં, તેથી રૂમમાં સહેજ લોકોની ભીડ ઓછી થઈ ને હું અંદર ગઈ. મેં માતાજીના ફૂલથી શણગારાયેલા પાર્થિવ શરીરને વંદન કર્યાં ને દર્શન કર્યાં તો તેના ચહેરાપર અસીમ તેજ હતું ને હું આરાસુરના માતાજીમાં જે દર્શનનો અનુભવ કરું છું તેવાં જ દર્શન જગદંબાના મને



માતાજીના પાર્થિવ શરીરમાં થવા લાગ્યાં. તેથી હું તો રૂમમાં એક ખૂણામાં સર્વેશ્વરીજીની બાજુમાં બેસી ગઈ. મને બીક હતી કોઈ ટોકશે કે ઊભા થઈ બહાર જાવ. આવનારાને દર્શન માટે જગ્યા આપો. પણ મને થયું, " કહેશે ત્યારે હટી જઈશું " પણ અત્યારે તો માતાજીમાં જે દિવ્ય જગદંબા અંબાજીનું દર્શન થઈ રહ્યું છે તે કરી લેવું. આ રીતે પૂ. જ્યોતિર્મયીમાના પાર્થિવ શરીરમાં ખુલ્લી આંખે આરાસુરી અંબાનું દર્શન થયું.

ભાદરવા વદ બારશ તા. ૫-૧૦-૮૦ નો દિવસ. સવારે વહેલા હું સ્મશાનયાત્રામાં ભળવા માટે પૂ. શ્રી ના નિવાસસ્થાને પહોંચી ત્યારે લોકો સ્તોત્રપાઠ કરતાં હતાં. થોડીવાર પછી સ્મશાનયાત્રાનો સમય થતાં પાલખી શણગારી બહાર લાવવાની હોઈ જેથી સૌ ભાઈ-બેનો બહાર આવી બેઠાં. હું પણ સૌ બેનો સાથે બેઠી ભજનધૂન ચાલતી હતી. થોડીવારે પાલખીમાં પૂ. માતાજીનું પાર્થિવ શરીર બહાર લાવી ખુલ્લી ગાડીમાં મૂકવામાં આવ્યું. દરમ્યાન એકતરફ ભાઈઓ ને એક તરફ બેનો ઊભાં રહી ગયાં. બેનોમાં હું પણ ઊભી હતી.

પાલખી પાછળ પૂ. યોગેશ્વરજી નીકળ્યા. ધીમે ધીમે પગલે તે ટેમ્પા ( ગાડી ) પાસે આવ્યા. તેની પાછળ પૂ. સર્વેશ્વરીમા હતાં. તે ઉંબરામાં થોડીવાર અટકી ગયેલાં. તે વખતે મેં તેમના દર્શન કર્યાં. વંદન કર્યાં.

દૂરથી ત્યારે સર્વેશ્વરીનું મુખારવિંદ પૂ. શ્રીને મળતું આવતું હતું, તેથી મેં તેમને યોગેશ્વરી જગદંબા માન્યાં. તેના મસ્તક પર સુવર્ણનો ચમકતો મુગટ કેરીની ડીઝાઈનવાળો હતો. હાથમાં ત્રિશુલ હતું, જે તેમની ઊંચાઈના માપનું મસ્તક સુધીનું હતું. ફૂલ ગુલાબી ( પ્લેન ) બેંગોલી સાડી માએ પહેરેલી હતી. તેના ગળામાં સફેદ પુષ્પોની માળા હતી.

આવાં દિવ્યદર્શન કરતાં મારા મોઢામાંથી શબ્દો સરી પડ્યા.

"જય મારી મા"

થોડીવારમાં આ ખુલ્લી આંખે દેખાતું અંબાજીનું સ્વરૂપ અદૃશ્ય થયું ને સર્વેશ્વરી જેવાં હતાં તેવાં જ દેખાવા લાગ્યાં.

ઊંબરામાંથી સર્વેશ્વરી નીચે ઉતરી તારાબેન સાથે માતાજીની પાલખી પાસે પૂ. યોગેશ્વરજીની સાથે બેઠાં ત્યારે ફરી મારા મોઢામાંથી શબ્દો સરી પડ્યા.

"હાશ મારી મા બેઠી"

## પ્રણામાંજલિ

(વસંતતિલકા)

દિવ્યાંગ ધારી ઉદરે થઈ ધન્ય ધન્ય,<br>
કીધાં કૃતાર્થ કુલ પૂર્વજ, સર્વ અ ય.<br>
સંસારતપ્ત જનની જનની બની તું,<br>
જ્યોતિર્મયી ઝગમગી ધ્રુવતારલી શું.<br>
કીધો ન કાંઈ ઉપદેશ સમાજને તેં,<br>
તાર્યાં અસંખ્ય જન મૂક પ્રભાવથીયે,<br>
દર્શાવિયું ચરિત દેવહુતિ તણું તેં,<br>
યોગેશમાં કપિલભાવ પરોવી ને.<br>
કેદાર બદ્રી સહ પુણ્ય પ્રદેશ કેરી.<br>
યાત્રા કરી અખિલ ભારતની અનેરી,<br>
જાતે બની પુનિત જીવનતીર્થ ચારુ,<br>
દીધું ચરિત્ર મૂક તાપસ સેવિકાનું.<br>
યોગાભિરૂઢ ઋષિ જે જન વંદતા તે,<br>
વંદે તને,—મુજ પ્રણામ તને પરામ્બે!

પ્રો. મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર)<br>
કોઠી કચેરીસામે, વડોદરા.



# માતાજીના જીવનપ્રસંગો

શ્રી યોગેશ્વરજી

માનવજીવન નાનામોટા, સામાન્ય અસામાન્ય, જ્ઞાતઅજ્ઞાત, પ્રસંગોના સમુચ્ચયરૂપ હોય છે. પ્રસંગો અથવા ઘટનાઓ જ જીવનને બનાવે છે, ઘડે છે, અથવા આકાર આપે છે. પૃથક્ પૃથક્ પ્રસંગોને લીધે જ જીવન મહિમામય અથવા અન્યથા બને છે. એવા જીવનોપયોગી પ્રસંગોનું સ્મરણ–મનન સદાય પ્રેરણા આપે છે, ને પથપ્રદર્શન પૂરું પાડે છે. પૂજ્ય માતાજીનું જીવન પણ એવા અનેકવિધ પ્રેરક પ્રસંગોથી ભરપૂર હતું. એ પ્રસંગો દ્વારા એમની તિતિક્ષા, ઈશ્વરનિષ્ઠા, નિર્ભયતા, પવિત્રતા, સેવાભાવનાનું દર્શન થતું. એમનો આંશિક આસ્વાદ લઈએ : એવો આસ્વાદ શ્રેયસ્કર થઈ પડશે.

**(૧) ઈશ્વરની મંગલમયતામાં વિશ્વાસ:—** સરોડા ગામમાં અમારા ઘરની તદ્દન પાછળના ફળિયામાં સોમાભાઈ વ્યાસ નામે એક વયોવૃદ્ધ પુરુષ રહેતા. તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો ને વૈદકનો. વૈદક દ્વારા એ આજીવિકાનું આર્થિક સાધન ઊભું કરવાને બદલે અન્યને ઉપયોગી બનવાની ને વ્યાધિમુક્ત કરવાની પ્રવૃત્તિ કરતા. એ ખેતરમાં જતા અને ખેતરમાંથી પાછા ફરતાં અવારનવાર અમારા મકાન પાસેથી પસાર થતા. હું મુંબઈથી વેકેશન દરમિયાન ઘેર આવતો ત્યારે મને ઘરની બહાર બેઠેલો જોઈ ને એ માતાજીને કહેતા. એને સંસારમાં નાખી દો–નાખી શકો તો નાખી દો. એ તો બ્રહ્મજ્ઞાની છે બ્રહ્મજ્ઞાની. સંસારમાં નહિ પડે. તમારું ચાલે તો નાખી દો. મારી એટલી નાની ઉંમરે

પણ એમને મારી પ્રભુપરાયણ વૃત્તિની માહિતી મળી ગયેલી. કેટલીકવાર હું એમને વૈરાગ્યશતકના કે શંકરાચાર્ય મહારાજના શ્લોકો સંભળાવતો. એમના ઉદ્દગારોને સાંભળીને માતાજી ચિંતાતુર ના બનતાં, પરંતુ કહેતાં કે જે વખતે જે બનવાનું હશે તે બનશે. ઈશ્વર જે કરશે તે સારું જ કરશે. સંસારમાં તો બધા જ પડે છે. કોઈ નહીં પડે ને બ્રહ્મજ્ઞાની બનીને જીવનનું કલ્યાણ કરશે, તો તેથી ચિંતા કરવા જેવું શું છે ?

માતાજી એ વખતે પણ ઈશ્વરની મંગળમયતામાં વિશ્વાસ રાખતાં. સોમાભાઈ વ્યાસ એ પછી ત્રણ ચાર વરસમાં જ દેવલોક પામેલા. એમને થયેલું અંતરજ્ઞાન સાચું પડયું, એને જોવા માટે એ જીવતા ના રહ્યા.

**( ૨ ) પવિત્રતાની રક્ષાની રુચિઃ–** એ વખતે સરોડાથી અમદાવાદ જવા માટે પગે ચાલીને સાબરમતી નદીને પાર કરીને ભાઠામાંથી પસાર થઈને નવાપુરા ગામે પહોંચીને મોટરમાં બેસવું પડતું. સરોડાથી અમદાવાદની સીધી મોટર ચાલતી હતી તો પણ મોટા ભાગના મુસાફરો એ જ માર્ગને પસંદ કરતા.

માતાજી સાબરમતીને ઓળંગીને અમદાવાદ આવવા માટે માર્ગ કાપી રહેલાં. એ વખતે બીજા પ્રવાસીઓ પણ થોડેક થોડેક અંતરે એમની આજુબાજુ ચાલી રહેલા. માતાજીની પાસે એક યુવાન આવ્યો. એ એમનો સંબંધી પણ થતો હતો અને એના અનીતિમય વ્યવહારને માટે વિખ્યાત હતો. એણે માતાજીની સાથે આગળ વધતાં અશિષ્ટ ભાષાપ્રયોગ કરીને પોતાની હીન વિષયવાસનાનો પરિચય કરાવવા માંડ્યો.



માતાજી એકલાં હોવા છતાં ડર્યાં નહીં ને તરત જ હિંમતને એકઠી કરીને બોલ્યાં કે મને તારી બહેન જેવી માનીને સારો વ્યવહાર કર. તારી બહેનને તું આવા અસભ્ય શબ્દો કહે ખરો ? ઈશ્વર મારી રક્ષા કરે છે ત્યાં સુધી તારું કોઈ જ નથી ચાલવાનું મને ઈશ્વરમાં શ્રદ્ધા છે.

માતાજીના એ શાંત શ્રદ્ધાસભર શબ્દોથી પેલા પરિણીત પુરુષનું મન પલટાઈ ગયું. એણે પોતાના ... વિચારને પરિત્યાગીને જણાવ્યું કે મને માફ કરજો. હું તમારો ભાઈ જ છું એમ સમજજો.

માતાજીના આજીવન પવિત્ર જીવનની પાછળ એવી પવિત્રતાની પ્રીતિ તથા પવિત્રતાની રક્ષાની રુચિ રહેલી. એને લીધે જ એ જીવનના છેલ્લા શ્વાસ સુધી પવિત્ર નિષ્કલંક જીવન જીવી શકેલાં.

બીજો એવો જ પરંતુ જરાક જુદો પ્રસંગ એમના વૈધવ્યજીવન દરમિયાન વડોદરામાં બનેલો. ત્યાં લહેરીપુરા દરવાજા પાસે એક ડોકટરને ત્યાં એ રસોઈ કરવા ગયેલાં. એમની નોકરીનો એ પહેલો જ દિવસ હતો.

રસોઈ બની ગઈ એટલે ડોકટર જમવા બેઠા. માતાજી એમને પીરસવા લાગ્યાં. પીરસતી વખતે ડોકટરે એમને કામવાસનાથી પ્રેરાઈને કેટલાક શબ્દો કહ્યા, અને એમની એકલતાનો લાભ લઈને વાસનાપૂર્તિની ઇચ્છા પ્રદર્શાવી.

માતાજીથી એ કેવી રીતે સહન થાય ? એ તો ઋષિશુદ્ધ પવિત્ર જીવન જીવનારાં ને જીવવામાં ! માનનારાં ડોકટરને વિરોધ તથા ઠપકાના થોડાક શબ્દો સંભળાવીને એ પોતાનું કામ મૂકીને તરત જ ઘરનો દાદર ઊતરી ગયાં.

એમણે નોકરીના પ્રથમ દિવસે જ નોકરી છોડી દીધી. એમને મન શ્રી કે લક્ષ્મી કરતાં શીલની કિંમત વધારે હતી. ગરીબ રહેવાનું પસંદ કરી શકાય પરંતુ શરીરને તો અશુદ્ધ ના જ કરાય, એવી નિષ્ઠા સહિતની સુસ્પષ્ટ સમજ એમના મનમાં ઠસી ગયેલી.

એમના ભાઈ રમણલાલે એમને નોકરીનો અવસર ના ગુમાવવા માટે ઘણુંયે સમજાવી જોયાં, છતાં પણ એ ના સમજ્યાં.

એમને આદર્શને અનુસરવાનો ને આદર્શ જીવન જીવવાનો સંતોષ હતો.

**બીજાની રક્ષા:**—એ વખતે માતાજી સરોડામાં જ રહેતાં. એકવાર એ અમદાવાદથી સરોડા આવી રહેલાં. નવાપુરાથી રેતીમાં આગળ વધીને સાબરમતી નદીમાંથી ઊતરવા લાગ્યાં. ત્યારે સંધ્યા સમય થવા આવેલો. કેટલાક ભાઈઓ એમની આગળ પાછળ ચાલી રહેલા. અચાનક માતાજીની સાથેનાં પેલાં બહેનનો પગ ઊંડા પાણીમાં પડવાથી એમણે સ્થિરતાને ખોઈને માતાજીનો હાથ પકડી લીધો ને કહ્યું કે મને બચાવો હું ડૂબવા માંડી.

માતાજીએ એમને હિંમત આપીને પોતાને પકડી રાખવાની સૂચના આપી અને પોતે પણ એમના હાથને પકડીને એમને ધીમે ધીમે છતાં મક્કમ રીતે આગળ વધારવા લાગ્યાં. એ પ્રયત્નો કરતી વખતે એમણે એમની પાસેથી છત્રી તથા લોટો ગુમાવ્યાં. તોપણ પેલી બહેનને ના છોડ્યાં: નદીમાંથી પસાર થતા પુરુષોએ પોકારો સાંભળ્યા તો પણ કોઈ મદદે ના આવ્યા. છેવટે માતાજી પેલાં બહેનને બચાવીને નદીની બહાર આવ્યાં.



પેલાં બહેને જીવનપર્યંત એમના ઉપકારને યાદ રાખ્યો. એ માતાજીનો અવારનવાર આભાર માનતાં. ત્યારે માતાજી જણાવતાં કે આભાર અને ઉપકાર ઈશ્વરનો માનો. સૌની રક્ષા કરનાર, રક્ષા કરવાની બુદ્ધિ આપનાર એ જ છે. આપણું કાંઈ જ નથી ચાલતું. ઈશ્વરે તમારી રક્ષા કરી ને તમને નવજીવન આપ્યું તો તેમને સદા યાદ કરજો. ભૂલશો નહીં.

સંસારની સરિતામાં એમણે કેટલાયની રક્ષા કરેલી. એ સરિતાને સફળતાપૂર્વક પાર કરવા માટે સ્નેહપૂર્ણ સાથ આપેલો. વિપત્તિમાં, વ્યાધિમાં, વ્યથામાં, અન્યને સહાયતા પહોંચાડેલી. કેટલાયની પ્રેરણા બનેલાં અને એ પણ કોઈપણ પ્રકારના અહંભાવ કે લૌકિક સ્વાર્થ વિના. માનવ તરીકે બીજાને મદદરૂપ થવાનો એમનો સ્વભાવ હતો. એથી એમને ઊંડી શાંતિ મળતી. પરમ સંતોષાનુભવ થતો.

**સ્વપ્નમાં મંત્રપ્રાપ્તિ:**—આધ્યાત્મિક ઉન્નતિના મંગળમય માર્ગે ઉત્તરોત્તર આગળ વધવાની અભિલાષાવાળા આત્માઓને સદ્‌ગુરુના સમાગમની આકાંક્ષા રહેતી હોય છે. કબીર સાહેબે કહ્યું છે તેમ "ગુરુ બિન કૌન બતાવે વાટ, બડા વિકટ યમઘાટ" એ ભાવો એમના મનમાં ગૂંજતા હોય છે સદ્‌ગુરુ મળે છે અને એમનું મંગળ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે, પછી એમનું કલ્યાણકાર્ય કૃતાર્થ બને છે. માતાજીના સંબંધમાં પણ એવું જ હતું. મેં ઇ. સ. ૧૯૪૨ના ઉત્તરાર્ધમાં ફરી વાર હિમાલયની ઋષિમુનિ સેવિત પુણ્યભૂમિ માટે પ્રયાણ કર્યું ત્યારે તેમને સદ્‌ગુરુની પ્રાપ્તિની ઇચ્છા થઈ. એ ઇચ્છાના પરિણામે એમને ઈશ્વરની કૃપાથી એક સરસ સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મારું દર્શન થયું. મેં એમને મંત્ર આપ્યો. એને જપવાની વિધિ બતાવી અને આશીર્વાદ આપ્યો.

સ્વપ્નની સમાપ્તિ થતાં એમને આનંદ થયો, પરમ સંતોષ થયો. એમની આકાંક્ષા પૂરી થઈ. એ મંત્રનો એ જપ કરવા માંડ્યાં. પાછળથી એ કહેતાં કે મને તો સ્વપ્નમાં ઈશ્વરના અનંત અનુગ્રહથી ગુરુદર્શન થયું છે ને મંત્ર પણ મળ્યો છે. મારું કામ પૂરું થયું હોવાથી મને શાંતિ છે.

**(૫) દર્શન સમાગમથી જ વ્યાધિમુક્તિઃ**–મારા હિમાલયવાસ દરમિયાન એ એકલાં ઘેર રહેતાં ત્યારે એમને ભયંકર રોગ લાગુ પડેલો. મને યાદ કરીને વિરહની વેદનાને લીધે એ દિવસો સુધી રડવા લાગતાં, બૂમો પાડતાં, અને અચેત બનતાં. કથા સંભળતાં પણ એમની અવસ્થા એવી થતી. જે એમને નહોતા જાણતા તે એમની અંદર કોઈક પ્રેતનો પ્રવેશ થયો છે કે એ હિસ્ટિરિયાથી પીડાય છે એવું સમજતા, દોરાધાગા, બાધા કરવાનું કહેતાં. માતાજી સ્પષ્ટતા કરતાં કહેતાં કે મારો રોગ જુદો જ છે. પરંતુ એ સમજતાં નહીં.

"મીરાંકે પ્રભુ દરદ મિટે
જબ વૈદ સાંવરિયા હોય"

એ ઉક્તિને અનુસરીને કહીએ તો, માતાજી સૌથી પ્રથમ હિમાલયયાત્રા કરવાને માટે ઈ. સ. ૧૯૪૪માં મારી પાસે પધાર્યાં, ત્યારથી મારાં દર્શન કે સંસર્ગ માત્રથી જ એમનો એ વ્યાધિ મટી ગયો. બીજી કોઈએ દવાની આવશ્યકતા ના રહી. એ કહેતાં કે મહાત્માજીની સંનિધિમાં મને ઊંડું સુખ, ઊંડી શાંતિ મળે છે. એમના વગરના જીવનની કલ્પના પણ હું નથી કરી શકતી. એ શાંતિથી બેઠા હોય ને કાંઈ પણ બોલતા ના હોય તો પણ, એમના મુખમંડળને જોયા કરવાથી જ આનંદ અનુભવાય છે. બીજી કોઈ જ ઇચ્છા શેષ નથી રહેતી. મારો વ્યાધિ એમના દૂર રહેવાથી, એમના વિરહને



લીધે જ, પેદા થયેલો એમની પાસે પહોંચવાથી એ મટી ગયો. એ તો મહાપુરુષ છે, ભગવાન છે. પરમ પવિત્ર છે. આપણે તો કોઈક પુણ્યોદયને પરિણામે એમને જન્મ આપવા માટે નિમિત્ત બન્યાં અને માતા થયાં એટલું જ. આપણું જીવન એમને લીધે ધન્ય બન્યું છે.

**(૬) અલવરના પ્રવાસીનો પ્રસંગઃ—**

વૈષ્ણવ જન તો તેને કહિયે
પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોય
મન અભિમાન ન આણે રે.

ભક્તકવિ નરસીના એ શબ્દો માતાજીના જીવનમાં, એમના અસ્તિત્વના અણુપરમાણુમાં તાણાવાણાની પેઠે વણાઈ ગયેલા. એમના પરિચયમાં આવનારને એની પ્રતીતિ થતી અને એનો એમને માટેનો આદરભાવ વધી પડતો. બીજાના દુઃખને દેખીને એમનું દિલ દ્રવી ઊઠતું.

ઈ. સ. ૧૯૪૪માં અમે બદરીકેદારની યાત્રા કરી ત્યારે માર્ગમાં અલવર શહેરના એક વયોવૃદ્ધ વેપારીનો મેળાપ થયો. એ અમારી સાથે જ યાત્રા કરવા લાગ્યા. થોડા દિવસો-ના સહવાસ પછી ખબર પડી કે એ વયોવૃદ્ધ પ્રવાસી ભોજન વખતે ઘીનો ઉપયોગ નથી કરતા. અમને એ જાણીને નવાઈ લાગી. નવાઈ લાગે એ સ્વાભાવિક હતું.

અમે એમને એનું કારણ પૂછતા તો એ જવાબ આપવાનું ટાળતા. માતાજીને એમના દિલમાં ડોકિયું કરવાની ખાસ ઇચ્છા હતી. એ ઘીની કોઈપણ વાનગી ના લેતા તેથી માતા-જીને દુઃખ થતું. માતાજીના વારંવારના એકધારા આગ્રહથી એકવાર એમણે કહેવા માંડ્યું; ઘરમાં કોઈએ મેણું મારવાથી મને જે અતિશય પ્રિય હતું તે ઘીનો ઉપયોગ ના કરવાની

મેં પ્રતિજ્ઞા લીધી. વરસો થઈ ગયાં. ગમે તેવો જાહેર પર્વ પ્રસંગ હોય તોપણ હું ઘીનો ઉપયોગ નથી કરતો. હવે તો ઘરમાં બધાં ટેવાઈ ગયાં છે. કોઈને કાંઈ લાગતું પણ નથી.

એમની આંખમાં આંસુ આવ્યાં.

માતાજીએ મને આગ્રહપૂર્વક કહ્યું કે ગમે તેમ કરીને પણ આ ભાઈને આપણે ઘી ખવડાવીએ ને શાંતિ આપીએ. તમે તે કામ કરી શકશો. તમારું કથન તે માની લેશે.

મેં એમને બીજે દીવસે વધારે વિશ્વાસમાં લીધા ને ભૂતકાળની બધી કટુતાઓને ભૂલીને નવજીવન જીવવાનો આગ્રહ કર્યો. એમણે મારી વાતને માની લીધી.

બદરીનાથની પવિત્ર પ્રસિદ્ધ પુણ્યભૂમિમાં માતાજીએ એ ભાઈને શીરો બનાવીને પ્રેમથી જમાડચા. ત્યારે માતાજીની આંખમાં પણ આનંદાશ્રુ આવી ગયાં. પેલા પ્રવાસીભાઈ પણ કૃતજ્ઞતાપૂર્વક રડી પડચા.

"મારે માટે આટલી બધી લાગણી બીજું કોણ રાખે?" એ ભાવવિભોર બનીને બોલી ઊઠ્યા; "તમે ઘણું જ સુંદર ઉત્તમ કાર્ય કર્યું. મારો વરસોનો ડંખ દૂર થયો. મને ઘી ખાતો જોઈને સૌથી વધારે આનંદ મારી નાની બહેનને થશે. મારી ઘી ના ખાવાની પ્રતિજ્ઞાથી તે ખૂબ જ દુઃખી થતી. આ યાત્રાને મારાથી કદીપણ નહીં ભુલાય. તમારો ઉપકાર સદા યાદ રહેશે.

માતાજીને ને સૌને પ્રણામ કરીને એ ફરીવાર રડી પડચા.

યાત્રાના બાકીના બધા જ દિવસો દરમિયાન માતાજીએ એમને ઘી ખવડાવ્યું.

અન્યના દુઃખને દૂર કરવામાં, દૂર કરાતાં જોવામાં, એમને અસાધારણ આનંદાનુભવ થતો. એવું સહાનુભૂતિસભર સંવેદનશીલ હતું એમનું અંતર.



# વાત્સલ્યમૂર્તિ પૂ. માતાજી

ભાઈલાલભાઈ છાટબાર

**માતૃવાત્સલ્યઃ**—પૂ. માતાજી તા. ૪-૧૦-૮૦ (ભાદ્રપદ વદી એકાદશી સં. ૨૦૩૬)ની પ્રભાતવેળાએ મહાપ્રયાણ કરી ગયાં તો તે દિવસે મને લાગ્યું કે, 'મેં મારાં બાને આજે ગુમાવ્યાં.

મારાં પૂ. બા ૨૭ વર્ષ પહેલાં તા. ૨૫-૬-૫૩ની સવારે પરમ શાંતિમાં પોઢી ગયાં, તે પહેલાં પરમ વાત્સલ્યમૂર્તિ જગદંબા સ્વરૂપ પૂ. માતાજી મારા જીવનમાં પ્રવેશી ચૂક્યાં હતાં.

જન્મદાત્રી માતાની ચિરવિદાય જીવનમાં એક વિશિષ્ટ પ્રકારનો ખાલીપો સર્જે છે પરન્તુ મારે માટે વિધાતાનું એ મંગલમય વિધાન હતું કે પૂ. માતાજી, આ રિક્ત સ્થાનની પૂર્તિ કરવા માતૃસ્વરૂપે મારા જીવનમાં આવી ગયાં હતાં.

તે પછી બે વર્ષ બાદ તા. ૨-૧-૧૯૫૫ના રોજ—નવ્વાણુના ઉપવાસદિને—પૂ. શ્રીને મહુવા પધારી, ફરીથી સિત્તેર દિવસ માટે ત્યાં રહેવાનું બન્યું. આગલી મુલાકાત વખતે સ્થપાયેલ નિકટતા આ વખતે ઘનિષ્ટતામાં પરિણમી.

મે-૧૯૬૦ની અધવચ્ચે પૂ. શ્રી પોતાની જન્મભૂમિ સરોડામાં હતા. અમારે મન આ તીર્થસ્થાન હતું, ત્યાં જવાની લાંબા સમયની અમારી તીવ્ર ઇચ્છા ઈશ્વરકૃપાથી આ વર્ષે પરિતૃપ્ત થઈ. અમે બંને ત્યાં ગયાં. તો પૂ. માતાજીએ અમને વહાલસોયાં સંતાનની જેમ જે રીતે રાખ્યાં, તે અમારા જીવનની અવિસ્મરણીય મધુર સ્મૃતિ બની રહી.

પૂ. માતાજી—સરળ, પ્રેમાળ અને મિલનસાર સ્વભાવને લીધે તેમ જ માતૃવાત્સલ્યપૂર્ણ વ્યવહારને કારણે પરિચિત–અપરિચિત સૌમાં અને ખાસ કરીને ભક્ત સ્ત્રીવૃંદમાં પૂજનીય વિભૂતિ બની રહેલ.

**પૂ. માતાજીના સ્વભાવનું એક વિશિષ્ટ પાસું**:—તુલસીશ્યામની યાત્રા પ્રસંગ ગાળા બાદ પૂ. માતાજી મહુવા આવતાં હતાં. તેઓના સ્મૃતિપટ પર અનેક ભક્તોનાં નામ હતાં. તે રાતે અને વળતી સવારે અનેક ભાઈ બહેન મળ્યાં, તો પૂ. માતાજી, હજી જાણે ગયે વર્ષે જ જુદાં પડ્યાં હોય તેમ, તેઓ સાથે હળ્યાંમળ્યાં અને ખબરઅંતર પૂછી, એટલું જ નહિ પણ કેટલાક વિશેષ નિકટ ભક્તોને ઘરે પણ જઈ આવ્યાં ને તેઓને નામથી સંબોધ્યા. કેવી આત્મીયતા ભરી સ્મૃતિ !

**સહજતા અને નિત્યતા**:—તુલસીશ્યામથી વળતાં, વાંગર (મહુવા પાસે) નામના નાનકડા ગામે પૂ. શ્રી એક રાત માટે ત્યાંના જૂના એક ભક્ત ભાઈ સાકરભાઈ ને ત્યાં અગાઉ નક્કી કર્યા મુજબ રોકાયા અહીં પૂ. માતાજી આ ગ્રામ્ય ખેડુત કુટુંબ સાથે જે સહજ સ્નેહભાવે ભળીને રહ્યાં, તે આશ્ચર્ય આનંદ ઉપજાવે તેવું હતું.

પૂ. માતાજી જે કોઈ સ્થળે જાય ત્યાં જાણે પોતે નિકટના સ્વજન હોય અને જાણે ત્યાં નિત્ય રહેવાનું હોય તેમ વર્તતાં.

**વિદેશગમન-પ્રત્યાગમન** :—૧૯૭૭થી પૂ. શ્રી તથા પૂ. માતાજીને વિદેશના સાંસ્કૃતિક યાત્રાપ્રવાસે જવાનું બનતું રહ્યું બે વાર ઇંગ્લેંડ અને સ્ટેટ્સ (યુ. એસ. એ) તથા કેનેડા એક એક વાર જઈ આવ્યાં. વિદેશગમન પણ માત્ર બહારગામ જવા જેવું સહજ જ હોય, એવો ભાવ જોવા મળતો.



**દ.ભારતનો યાત્રાપ્રવાસ (અન્નપૂર્ણા સ્વરૂપ પૂ. માતાજી)**: તા. ૧૦ જાન્યુ–૧૯૭૮ થી લગભગ ૩૮ દિવસના દ. ભારતના યાત્રાપ્રવાસમાં પૂ. શ્રી તથા પૂ માતાજી સાથે જોડાયેલ ચાર ભાગ્યવાન બહેનો અને નવ ભાઈઓમાં હું પણ સામેલ હતો.

અત્યારસુધીના વર્ષોમાં પૂ. માતાજીના અન્નપૂર્ણા સ્વરૂપનો અનુભવ થતો રહેલ, પરંતુ યાત્રાના આ દિવસોમાં તો પૂ. માતાજીનું આ દિવ્ય અન્નપૂર્ણા સ્વરૂપ પૂર્ણકળાએ ખીલી ઊઠી પ્રકાશી રહેલ છે, એમ સતત દર્શન થતાં રહ્યાં.

વાહનો દોડતાં હોય, ઢળતી બપોર સાંજમાં ફેરવાઈ જતી હોય અને રાતવાસા માટેનું અનિશ્ચિત ગંતવ્યસ્થાન સુદૂર હોય ત્યારે પૂ. માતાજી પ્રત્યેક આવી સાંજે તેઓના અન્નપૂર્ણાના અખૂટ ભંડારમાંથી અમને સૌને કંઇ ને કંઇ ખાવાનું આપતાં રહેતાં ને આગ્રહ કરી પ્રેમપૂર્વક ખવરાવતા.

**દૃઢમનોબળ**:—પૂ માતાજીની ૭૪ વર્ષની અવસ્થા અને પોતે ડાયાબીટીસના ઉગ્ર રોગનાં દર્દી છતાં પુનાની પાર્વતી હિલ્સ સિવાયના તમામ ચઢાણો તેઓ હસતે મોઢે સરળતાથી ચઢી ગયેલ. દક્ષિણના ભવ્ય મંદિરોની અંદરના લાંબા લાંબા અંતર પણ તેઓ સહેલાઈથી પાર કરી જતાં અને દર્શન વખતે પૂ. શ્રી ની બાજુમાં જ તેઓ જોવા મળતાં.

પૂ. માતાજીને સવારે રોજે રોજ ક્યાંક અનુકૂળ સ્થળે દાકતરને શોધી ઈન્સ્યુલિન ઈંજેકશન અપાવવાની ગોઠવણ જળવાતી. પૂ. માતાજીને લઈને દવાખાનામાં પૂ. શ્રી ને એને મારે જવાનું બનતું.

સમાધિસ્થાનોનાં દર્શન પૂ. શ્રીની વિશિષ્ટ દૃષ્ટિને કારણે સંપૂર્ણ ભાવપૂર્વક કરી શક્યાં. તીર્થસ્થાનોનો મહિમા પૂ. માતાજીને મન ઘણો મોટો એટલે તેનો પણ યાત્રા દરમ્યાન ખાસ કાળજીપૂર્વક સમાવેશ રાખેલ.

**પૂ. માતાજીના અંતિમ દિવસો**—ચાલુ વર્ષે તા. ૨૦–૮–૮૦ ના રોજ પૂ. શ્રી, પૂ. માતાજી તથા પૂ. મા સર્વેશ્વરીજી પ્રવચન–કાર્યક્રમ માટે ભાવનગર પધાર્યાં.

પગ ઉપરના કમ્પાઉન્ડ ફ્રેક્ચરના અકસ્માતને કારણે હું પથારીવશ હતો એટલે પૂ. શ્રી ની અસીમ કૃપાના ફળ–સ્વરૂપે, હું મારે ઘરે જ તેઓ સૌ ઉતારે જાય તે પહેલાં દર્શન-વંદનનો લાભ પામી શકયો.

પૂ. માતાજીની તબિયત અત્રેના આગમનના ત્રીજા દિવસથી જ કથળતી ચાલી.

મારા જન્મદિનની સવારે તા. ૧૭–૯–૮૦ ના રોજ હું પ્રણામ કરવા અને આશીર્વાદ લેવા હોસ્પિટલે ગયેલ તો પૂ. શ્રી, પૂ. માતાજી અને પૂ. મા ના અંતરના આશીર્વાદ પામ્યો.

જીવનના આ છેલ્લા દિવસોમાં સંપૂર્ણ શાન્તિ પામી ઈશ્વરની કૃપાનો અનુભવ કરીને અને જીવનની ધન્યતા પણ અનુભવીને પૂ. માતાજીએ ચિરવિદાય લીધી. પૂ. શ્રી અને પૂ. માના સાનિધ્યમાં અંતિમ શ્વાસ લીધો, તેનાથી વધારે ધન્યતા બીજી કઈ હોઈ શકે ?

જેની ઓથ નીચે કોઈને આરામ મળ્યો હોય અને એક કે વધારે હૈયાંને જેનાથી હૂંફ મળી હોય, તેનું જીવન સદાયે યાદ કરવા લાયક, પૂજ્ય અને પ્રશંસનીય બની રહે છે. પૂ. માતાજીનું જીવન આવું હતું.

એ પરમ જ્યોતિનું પ્રકાશકિરણ આપણા સાધના પથને પ્રકાશિત કરતું રહે અને આપણે પણ આત્મ-યાત્રા દ્વારા, શાશ્વત પ્રકાશધામ પર રહેલ સત્યના રાજમહાલયમાં આવેલ આનંદ તથા શાંતિના ખંડોના નિવાસી બની રહીએ.



# પૂ. માતાજીની અખંડજ્યોતમાંઆસ્થા

શ્રી જયન્તીભાઈ જોષી.

યોગીરાજ શ્રી સંતરામ મહારાજ અખંડજ્યોતરૂપે અહીં હાજરાહજૂર છે. અહીંના મહંતથી શ્રી નારાયણદાસજી સાચે-સાચ નારાયણસ્વરૂપ છે. અહીં બધાંને ભોજન, વસ્ત્ર, પાત્ર મળે છે, દીન–દુઃખીની સેવા થાય છે, અહીં મજાનું ખૂબ સારું કામ થાય છે. ... પૂજ્ય મહારાજશ્રી મને ભેટ આપે તે મારે ન લેવાની હોય, મારે તો અહીં કંઈક આપવું જોઈએ ” પૂ. માતાજી આમ કહી જ્યારે નડિયાદ આવતાં ત્યારે પ્રતીકરૂપે સ્થાનની ભેટ સ્વીકારતાં. પરંતુ રહે તે દરમિયાન બે ત્રણવાર ચૂપચાપ પૂજ્ય મહારાજશ્રીના હાથમાં સેવાપ્રવૃત્તિ માટે ભેટ ધરી દેતાં.

ઘીનો દીવો અને શ્રીફળ અખંડજ્યોતને તથા શ્રીસંતરામજીની પાદુકાને ભક્તો અગર જેમણે બાધા લીધી હોય તે ધરે છે. શ્રી સંતરામ મંદિર એ યોગીરાજ સંતરામ મહારાજ-જની જીવિત સમાધિનું સ્થાન છે. જીવિત સમાધિ લેતાંની સાથે જ શ્રીસંતરામ મહારાજના બ્રહ્મરન્ધ્રમાંથી જ્યોત પ્રગટેલી, આ જ્યોત આજ પર્યંત અખંડ છે. આ અખંડજ્યોત, શ્રી-સંતરામ મહારાજની પાદુકાનાં સહુ કોઈ દર્શન કરે છે. શ્રી-સંતરામ મહારાજની પરંપરામાં તસ્વીર પડાવવાનો રિવાજ નથી. પૂ. માતાજીને આ અખંડજ્યોતમાં ખૂબ જ આસ્થા. જ્યારે જ્યારે આવે ને નિવાસ કરે ત્યારે એક આખા દિવસની અખંડજ્યોત માટે ઘી મંગાવે અને એક શ્રીફળ ભેટ ધરે.

એપ્રિલ–૧૯૮૦ અને તે પહેલાંના થોડા દિવસ મહાત્માજી વિના પૂ. માતાજીએ શ્રી સંતરામમંદિરમાં નિવાસ કરેલો.

મુનિનિવાસની શાંત, એકાંત જગ્યાનું તેમનું આકર્ષણ. તે વિભાગમાં રાત્રિના પૂ. માતાજી એકલાં—સાથે સેવામાં કોઈ વિદ્યાર્થી સૂએ—પરંતુ માતાજી કહેતાં કે આનાથી હિમાલય-ના એકાંતમાં રહેવાની મને ટેવ છે એટલે અહીંના એકાંત-ની કંઈ મને અસર નથી. મહિનો–દોઢ મહિનો માતાજીએ નિવાસ કર્યો દરરોજ સવારના ૯-૩૦ કલાકે પૂજ્ય મહંતજી મહારાજ ખુરશી પર જે ચોકમાં બેસે ત્યાં માતાજી દર્શન કરવા આવતાં. માતાજી મહારાજશ્રીના દર્શન કરે, મહારાજશ્રી માતાજીનાં દર્શન કરે. અગાઉથી માતાજી માટે ખુરશી તૈયાર જ રખાવેલી હોય, તેમાં માતાજીને મહારાજશ્રી બેસવાનું કહે. પૂ. મહંતજી મહારાજ અને પૂ. માતાજીના દર્શન પાસે પાસે ખુરશીમાં વિશાળ ભક્ત સમુદાય કલાક સુધી કરે. જાણે પૂ. મહંતજીનાં માતુશ્રી ના બિરાજતા હોય એવું જ દૃશ્ય? એવો જ ભાવ દર્શનાર્થીઓને થાય. ત્યારપછી સમાધિમંદિર બંધ થાય. તે પહેલાં પદો, આરતી બોલાય. માતાજી સમાધિ સમીપ બેસે, સમાધિસ્થાન બંધ કરતાં શ્રીલક્ષ્મણદાસજી મહારાજની સમાધિની જાળીમાંથી પૂજ્ય મહારાજશ્રી ગુલાબ તુલસી માતાજીને આપે, આ નિત્યક્રમ. મહારાજશ્રી સમાધિ-સ્થાનમાંથી પ્રસાદી આપે છે, એમ કહી તે પ્રસાદી અન્યને આપે ત્યારનો માતાજીનો આધ્યાત્મિકતાનો ભાવ દર્શનીય બનતો.

"આ જયંતીભાઈ ભલે આજે તો ગૃહસ્થના કપડાંમાં હોય, પરંતુ સંત છે." એમ જ્યારે માતાજી મારી હાજરી-માં પૂ. મહાત્માજી કે બીજાંઓને કહેતાં ત્યારે મને ખૂબ જ સંકોચ થતો. મારી લાયકાત કરતાં, એમનો મારા પ્રત્યેનો પ્રેમ, એમને એમ કહેવા પ્રેરતો, તે હું જોઈ શકતો.

કોઇ પ્રસંગ, ઘટના વિશે પોતાના મનમાં કંઈક આંદો-



લન થાય તો માતાજી એકરાર કરતાં કહેતાં: "પૂ. મહાત્માજી સંત છે, આજસુધીનું સંતપણું, ખૂબ જ ઉજ્જવળ છે, હું જનની તેની સાક્ષી છું. તેઓ કૃપા કરે, આશીર્વાદ આપે તો મનનાં આવાં આંદોલનો શમે." આવો એકરાર પણ પૂ. માતાજી કરતાં. પુત્ર હોવા છતાં, તેઓમાં આરાધ્ય સંત, પૂર્ણત્વનાં દર્શન, લેશમાત્ર શંકા વગર પૂ. માતાજી મહાત્મા-જીમાં કરતાં.

૨ વર્ષ પહેલાં પગની તકલીફને લીધે પૂ. માતાજી નડિ-યાદના સત્સંગમાં, પ્રવચનોમાં મહાત્માજી સાથે નહિ આવી શકેલાં. ઘણા બધા સમય પછી આમ અલગ રહેવાનો પ્રસંગ આવ્યો. એક બાજુ માતાજીનો મણિનગરમાં રહ્યે રહ્યે તલસાટ, બીજી બાજુ મહાત્માજીનો નિત્ય યાદ કરવાનો ભાવ, પ્રવ-ચનના દિવસો દરમિયાન પૂ. મહાત્માજી પોતે જાતે જઈ માતાજીને અમદાવાદથી નડિયાદ લઈ આવ્યા. પોતાની માતા છે, પોતાની સાથે છે, પોતે એનાં પુત્ર છે–સંત છતાં આ ભાવ, આ માતૃપ્રેમ સતત રહ્યો છે. અને એટલે જ એટલું જતન મહાત્માજીએ માતાજીનું કર્યું છે, અને માતાજી પણ મહાત્માજીનું ગમે તેવી સ્થિતિમાં વિસ્મરણ કરી શક્યાં નથી. તીર્થયાત્રાઓ, આધ્યાત્મિક પ્રવચનો, પ્રવાસો, અલગ અલગ સ્થળનાં દર્શનો–એ મજાનું જોવાનું, જાણવાનું, સત્સંગ બધું જ મહાત્માજીના સાન્નિધ્યમાં મળ્યું-એનો અહોભાવ, પ્રેમ, ધન્યતા માતાજીએ અનેકવાર પ્રગટ કરી છે

નાદુરસ્ત તબીયતના કારણે મહાત્માજી વડોદરામાં, માતાજી અમદાવાદમાં. આમ છતાં માતાજી તો સતત મહાત્માજી પાસે જ રહેવા ઇચ્છુક. "આતો દીકરીનું ઘર, દીકરીને ઘેર કંઈ થોડું રહેવાય? મને તો મહાત્માજી પાસે જ ગમે-અને સતત સાથે રહી તેથી મન પણ તેમના મય થઇ ગયું, હવે અલગ

નહિ રહેવાય. મૃત્યુ પણ તેમની પાસે જ ઝંખુ છું."–જાણે મૃત્યુ ન કહેતું હોય કે મહાત્માજી પાસે સાજા થઈને ચાલ્યાં જાવ !

"પૂ. મહાત્માજીને બે વાર હાર્ટએટેક આવ્યો છે, મહાત્માજી છે તો મારે સર્વસ્વ છે, હું ભલે પક્ષઘાતમાં હોઉં, પણ મારા દુઃખના સમાચાર મહાત્માજીને ન કહેશો. ક્યાંક મહાત્માજી ચિંતા કરશે ને તબિયત બગડશે તો !" ભલે માતાજી મણિનગર કે નડિયાદમાં હોય પણ મહાત્માજીને ખુશીખબર મોકલાવે ત્યારે આમ જ કહેતાં. પૂ. મહાત્માજી પણ સતત માતાજીના સંપર્કમાં રહી જલદી સાજા થાય તેવી ભાવના–આશીર્વાદ વરસાવતાં.

"તમે માતાજી છો, આપણાં છો, એટલે તમારી લાગણી સૌથી વધુ અમને જ થાય ને, અને અમારી સાથે જ તમને આનંદ આવેને. અહીં બધી સગવડ છે, આરોગ્યનું બધું ચેક થઈ શકશે, અહીં જ રહો." વડોદરામાં માતાજી મહાત્માજીની ખબર કાઢવા ગયાં ત્યારે તેઓએ માતાજીને આગ્રહ કરી રોકી રાખ્યાં, માતાજીને ખુરશીમાં જાતે બેસાડે, ટેબલ ગોઠવે, થાળી, વાટકો, ચમચી મૂકી, રુચિ પ્રમાણે પોતે જ પીરસે, આ માતૃસેવાનું દૃશ્ય મહાત્માજીનું વડોદરામાં આ વર્ષના મે–માસમાં જોવા મળ્યું.

પૂ. માતાજીમાં દાદીમાની નિર્દોષતા, મધુરતા તથા જમાનાના જૂના માણસોની માયા મમતાનાં દર્શન થતાં, તો સાથેસાથે હૃદયના સંતભાવનાના પણ દર્શન થતાં મનમાં કોઈ ઉચાટ નહિ, સંતોષ પણ પૂરો, જરાપણ વધુ કંઈ આવી જાય, મળે તો જરૂર જેટલું જ રાખવાનું. આદ્યશંકરાચાર્ય મહારાજે સંન્યાસીધર્મથી ઉપર જઇ માના અંતિમસંસ્કાર કર્યા. આટલા વર્ષે એવા બીજા સંતનાં દર્શન થયાં. મા બંધન-



મુક્ત બને, સદા તેમનો તાર ઈશ્વરસાથે જોડાય તેવી મુક્તિ માટેની પ્રભુપ્રાર્થના કરી માતાજીના શરીરને દિવ્ય બનાવી જાતે અવલ મંજલે પહોંચાડ્યાં. "મૃતદેહને બાંધશો નહિ, જે બંધનમુક્ત થાય તેને દોરડાથી બાંધવાનો લોકચાર સંતોને ન હોય" મંગલમય મૃત્યુને અવલોકવાની અજબની આ સંતની દૃષ્ટિ આ પ્રસંગમાં જોઈ શકાઈ.

"શ્રી સંતરામ મંદિર મારું ઘર છે, તમે મારા છો, હું ચાતુમર્સામાં થોડા દિવસ અહીં રહેવા આવીશ. પવિત્ર શ્રાવણ-માસમાં મને અહીં ગમશે." પૂ. માતાજીના અમદાવાદ જતા આ શબ્દો હતા, અને આ શબ્દો શબ્દો જ રહ્યા. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના, યોગીરાજ શ્રી સંતરામ મહારાજની અખંડજ્યોતને પ્રાર્થના, કે પૂ. મા જ્યોતિર્મયીનો પ્રેરણા પ્રકાશ સાધકોને સદા પ્રાપ્ત થતો રહે. સ્મરણમાં પૂ. મહાત્માજી, પૂ. માતાજી સાથે બિરાજેલા છે, સામે શ્રોતાવર્ગ છે, પ્રવચન ધારાવાહી ચાલે છે, મનમાં પૂજ્યભાવ બન્ને સંતો માટે ઊઠે છે, ઉપદેશ મનમાં ઊતરે છે, શાંતિ છવાય છે, આ ભાવ, આ ઝાંખી સદા બની રહો એવી પ્રભુ પ્રાર્થના.

## 'અધ્યાત્મ' શા માટે વાંચવું જોઈએ ?

મનુષ્ય જીવનની એક માત્ર ફલશ્રુતિ ઈશ્વર કે આત્મદર્શન છે. આપ એ માર્ગે જવા ઇચ્છો છો ? પછી ભલે આપ ગમે તે ધર્મ, જાતિ કે દેશમાં વસતાં હો...

દુનિયાના બધા ધર્મોનો સાર અધ્યાત્મ જ છે.

તેની ધર્મ નિરપેક્ષ સમજ ને સ્વાનુભૂતિઓ કેવી ને કેમ પ્રાપ્ત થાય છે, તે જાણવા 'અધ્યાત્મ'ને અવશ્ય વાંચો.

# પૂ. શ્રી યોગેશ્વરજીની દિવ્યદૃષ્ટિ

સર્વેશ્વરી

પરમાત્માના પરમકૃપાપાત્ર, પરમાત્મદર્શી, મહાપુરુષની દૈવીદૃષ્ટિથી કોઈ પણ ઘટના અજ્ઞાત રહી શકે ખરી ? નથી રહેતી. શાસ્ત્રોમાં એવું વાંચવામાં આવ્યું છે કે એવા મહાપુરુષોની આગળ પરમાત્મા ધારે તો ભૂત–ભાવિના ભેદ હસ્તામલકવત્ ખુલ્લા કરી દે છે. મહાપુરુષોના એવા મહિમા વિશે સાંભળવામાં પણ આવ્યું છે. એવા મહિમાથી મંડિત મહાપુરુષ મહાત્મા **શ્રી** યોગેશ્વરજીના દર્શન તથા સમાગમનું સૌભાગ્ય મને છેલ્લા કેટલાક સમયથી, પૂર્વના કોઈક સત્કર્મોના સુપરિણામે, સતત રીતે સાંપડી રહ્યું છે.

પૂ. શ્રી યોગેશ્વરજીની છેલ્લા કેટલાયે સમયથી એવી ઇચ્છા હતી કે પરમાત્માની પરમકૃપાથી પૂ. માતાજીના અંતકાળની માહિતી એમને અગાઉથી સ્પષ્ટ રીતે મળી જાય. એ ઇચ્છા પરમાત્માની કૃપાથી પુરી થઈ. એના પ્રત્યક્ષ સાક્ષી બનવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું,

છેલ્લા દોઢ વરસથી પૂ. માતાજીના ભાવિ સ્વર્ગવાસના સંકેતો મળ્યા કરતા. એ વિશે મને પણ પૂ. શ્રી. વાતો કરતા. આ વખતે ૨૦ ઓગસ્ટે ભાવનગર આવવાનું થયું તે પહેલા પૂ. શ્રીને પરમશક્તિએ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે આ પ્રવાસ દરમ્યાન જ માતાજીનું શરીર શાંત થશે.

અમદાવાદથી જ માતાજીનું શરીર થોડુંક અસ્વસ્થ હતું. ભાવનગર આવ્યા બાદ દિવસે દિવસે અશક્તિ વધવા લાગી. ધીમે ધીમે અન્નનો ત્યાગ શરૂ થયો અને પથારીવશ બની ગયાં.



ઈંજેક્શનના પાકની વેદના અને અશક્તિને જોતાં હું ઘણીવાર પૂ. શ્રીને પૂછતી કે પરમશક્તિ માતાજીને ક્યારે મટાડી દેશે તે વિશે કંઇક માહિતી મેળવો. એવા જ પ્રશ્નના ઉત્તરમાં પૂ. શ્રીએ અવારનવાર મારી ડાયરીમાં જે નોંધ લખી તે એમના ભવિષ્ય દર્શનના પુરાવારૂપ હતી. તેમાંથી થોડીક નોંધ અહીં આપું છું. એ નોંધરૂપે જગદંબાએ એમને જણાવેલું કે:-

( ૧ ) હમણાં તમે અહીં જ રહેજો. ક્યાંયે બીજે ના જતાં. હું કહું તે પછી જ નીકળજો. હવે અંતકાળ છે માતાજીનો છેક જ સમીપ. હવે એ થોડાક દિવસો જ છે.

તા. ૩૧–૮–૮૦ રવિવાર.

( ૨ ) હવે માતાજીને ઘણી કઠોર દુખદ અવસ્થામાંથી પસાર થવું પડે છે. હવે વધારે કષ્ટ નથી ભોગવવાનું. હવે હું એમને લઈ લઈશ મારી પાસે.

તા. ૫–૯–૮૦ શુક્રવાર.

( ૩ ) માતાજીનો ઘણો જ કઠોર કાળ ચાલી રહ્યો છે. ઘણો કઠોર કાળ છે. ધીરજ રાખજો. નહીં રહી શકે વધારે એ.

તા. ૭-૯–૮૦ શનિવાર.

( ૪ ) હવે માતાજીને આપણે હોસ્પિટલમાં દાખલ કરવાનો જ વિકલ્પ શ્રેષ્ઠ રહે છે. છતાં હવે વધારે વખત સુધી એ નહીં જીવે.

તા. ૧૪-૯–૮૦ રવિવાર.

તા. ૧૫ મીએ માતાજીને હોસ્પિટલમાં દાખલ કર્યાં તા. ૧૬મી એ ઓપરેશન કરાવ્યું. ત્યાર પછી અનેકવિધ કષ્ટોમાંથી માતાજીએ પસાર થવાનું બન્યું. દિવસે દિવસે પરિસ્થિતિ ગંભીર બનતી ગઈ. હોસ્પિટલમાં પણ જગદંબાએ પૂ. શ્રી ને જણાવ્યું કે:—

માતાજીની વૃત્તિ પવિત્ર બની છે. એવી પવિત્ર જ રહેશે. હવે એમનું આવરણુ હઠી ગયું છે, હઠેલું જ રહેશે. વધારે વખત સુધી નહીં રહી શકે એ શરીરથી. છતાં શાન્તિ, સંતોષ સાથે વિદાય લેશે. કોઈ ચિંતા કે વાસના નહિ સતાવે એમને એ વધારે નહીં જીવે. આ એમની છેલ્લી ઘડીઓ છે.

તા. ૨૯–૯–૮૦ સોમવાર

ઉપાય સઘળા કરો. હવે વધારે સુધારો નહિ થાય. હવે વધારે આયુ નથી માતાજીનું. છેલ્લા દિવસો છે. ઈશ્વર સ્મરણ કરશે ને વિદાય લેશે.

તા. ૩–૧૦–૮૦ સવારે ૧૧–૩૦

માતાજીનું શરીર રહેશે નહીં. દશ પહેલાં જ શાંત થશે. અહીં વધારે વધારે વખત સુધી નથી. છ તારીખ માંડ કાઢશે. પાંચ પણ વધારે છે એમને સારુ. તમને મદદરૂપ થવા આવેલાં હવે એ કાર્ય પૂરુ થયું છે.

તા. ૩-૧૦-૮૦ રાત્રે.

હિંમત રાખો હવે માતાજી છેલ્લા શ્વાસ લઈ રહ્યાં છે. હવે નહીં બચે. હું કેવી રીતે ઊભા કરું ? એ મારામાં સમાઈ ગયાં છે–જશે છેવટે. આજે છેલ્લો દિવસ છે એમનો. હવે નહીં રહે. ખૂબ જ ઉજ્જવળ જીવન જીવી ગયાં છે. ધન્ય જીવન, સફળ જીવન જીવી ગયાં છે–ધન્ય છે.

તા. ૪–૧૦–૮૦ શનિવાર સવારે ૭–૦૦

પૂ. શ્રી યોગેશ્વરજીએ જગદંબાની શું ઇચ્છા છે તે જાણી લીધું હતું. છતાં સર્વશ્રેષ્ઠ ડોકટરોની સર્વશ્રેષ્ઠ સારવાર છેવટ સુધી ચાલુ રખાવી. એ દિવસો દરમ્યાન પૂ. શ્રી પોતે માતાજી પાસે બેસીને તેમના આખાયે શરીરે હાથ ફેરવતાં ફેરવતાં દરરોજ સતત પ્રાર્થના કરતાં કે મા, એમને સારું કરી દો.

પ્રાર્થના અને ડોકટરી પ્રયાસો છતાં જે છેલ્લી સ્પષ્ટ



સૂચના જગદંબાએ આપી, ત્યારે પૂ શ્રી ની આંખમાં આંસુ આવી ગયાં. મને કહે “ મા જગદંબા કહે છે આજે માતાજી નહીં જ રહે. હિમાલયવાસમાં પણ એઓ કષ્ટો સહીને પણ મારી સાથે રહ્યાં. વગેરે વાતો કરતા કરતા લાગણીશીલ બની ગયા. થોડીવાર બાદ સ્વસ્થ થઈ ગયા.

મને કહેવા લાગ્યા, હવે જગદંબાની એજ ઇચ્છા છે તો પછી હવે તમે જલ્દી સ્નાન અહીંજ કરી લો. એક એક મિનિટ હવે મહત્ત્વની છે. બધી તૈયારી આપણી કરી લો.

મેં જલદી સ્નાન પતાવી માતાજીના શરીરને ભીના રૂમાલ-થી સાફ કર્યું. પૂ. શ્રી એ ગંગાજળના છેલ્લા બે દિવસથી માતાજીના શરીર ઉપર છંટકાવ કરતા હતા એ રીતે કર્યો. મેં બહાર મુકેલાં પુસ્તકો, કપડાં, દવા, વ. વ્યવસ્થિત કરી દીધું. હોસ્પિટલમાં બધી દવાઓ આપવાની હતી તેની પણ તૈયારી ૮ વાગ્યામાં કરી લીધી. આઠ વાગ્યે પૂ. શ્રી. એ કહ્યું એક કાગળ લાવો ને એમાં કોને તાર ને ફોનથી ખબર આપ-વાના તે લખી લો. જેથી નવવાગ્યે શ્રી નારાયણભાઈ આવે તેને આપી શકાય. એ રીતે તે માહિતી પણ તૈયાર કરી દીધી.

માતાજીના દીકરી તારાબેન સ્નાન કરીને આવી જાય તેની અમે બન્ને રાહ જોવા લાગ્યાં. બરાબર નવને દશ મિનીટે તારાબેને રૂમમાં પ્રવેશ કર્યો ૯ ને ૧૫ મિનીટે માતાજીએ અંતિમ શ્વાસ લીધો.

પૂ. યોગેશ્વરજીએ પરમાત્માની પરમકૃપાથી પૂ. માતાજી વિશે પહેલેથી જ આટલી બધી સ્પષ્ટ માહિતી મેળવી હોવા છતાં સ્થિતપ્રજ્ઞ મહાપુરુષની જેમ સ્વસ્થ રહીને માતાજીની છેવટ સુધી ખૂબ પ્રેમ અને શાંતિપૂર્વક સેવા કરી. એમની આત્મિક સંવેદનાનો અન્યને અણસાર પણ ન આવવા દીધો.

# શ્રદ્ધાંજલિઓ

[ પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના સ્વર્ગવાસ નિમિત્તે વિવિધ સાધક ભાઈ બહેનો તરફથી મળેલી શ્રદ્ધાંજલિઓ સંક્ષિપ્તમાં ]

ડૉ. સરોજીની તાપીદાસ, વડોદરા.

પૂજ્ય માતાજીના દેવલોક પામ્યાના સમાચાર જાણી પૂ. બા અને અમને બધાંને ખૂબ દુઃખ થયું છે. પૂ. માતાજીના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના !

પૂ. માતાજીનો અમારા પ્રત્યેનો પ્રેમ વર્ષો પહેલાં નાના હતાં ત્યારે માનો પ્રેમ–હુંફ આપી અમને સાચવ્યાં હતાં. એ બધું અમે ભૂલી શકીએ એમ નથી. એ રીતે પૂ. માતાજી અમારી પાસે જ છે, એમનાં દર્શન અંતરથી કરીએ છીએ. પૂ. માતાજીની યાદ ક્યારેય અમે ભૂલી શકીશું નહીં. આપ તો મહાન સંત છો. પૂ માતાજીની ખૂબ સેવા કરી અને પૂ. માતાજી શાંતિથી અનંતની યાત્રાએ ગયાં.

શ્રી ગોરધનભાઇ કલોલા, મોરબી.

મનુષ્યલોકે દુર્લભ સેવા પામી પૂ. માતાજી આપમાં પ્રભુની અનંત દિવ્ય શક્તિમાં મળી ગયાં. તે આનંદનો અવસર ગણાયને ! સેવાધર્મ કેવો ગહન છે અને તે કેવી રીતે બજાવી શકાય, તેનું અનુપમ ને અજોડ દૃષ્ટાંત જગતને પૂરું પાડ્યું છે. સેવાધર્મને નજરે જોનારા જીવો સાક્ષી બની શક્યા તે સદ્ભાગી છે. થોડાંવર્ષો પણ લોકો માની શકશે નહીં કે ખરેખર આ વાત સાચી છે કે કેમ ! નજરે જોયા પણ એમ જ લાગે કે આ સેવાકાર્ય મનુષ્યના શરીરની અને મનની શક્તિઓની સીમાઓની પેલે પારનું છે. પ્રેમશ્રદ્ધાભક્તિ



વિના તેનો તાગ નહીં પામી શકાય.

આપ પરમાત્માની પરમશક્તિએ મનુષ્ય શરીર ધારણ કરીને લોક શિક્ષણ માટે લીલાકાર્યોની એક હારમાળા સર્જી છે. આપના લીલાકાર્યોની વાસ્તવિકતા જોનારા જીવો સદ્ભાગી છે.

વિઠ્ઠલભાઈ પંડ્યા, મુંબઇ.

જેમની પવિત્ર કુખે મહાન સંત પરમ પુરુષ યોગી અને વિરલ મહાત્મા શ્રી યોગેશ્વરજીનો જન્મ થયો એ મા જ્યોતિર્મયી અમારી વચ્ચેથી આમ સદા માટે ચાલી ગયાં એની ખોટ અમને જીવનભર સાલશે.

શ્રી ઈશ્વરલાલ શાહ, વડોદરા.

પ. પૂ. માતાજી નશ્વરદેહ છોડી ગયાં જાણી ઘણું દુઃખ થયું. પ્રભુ ઇચ્છા બળવાન.

ભાવનગરની હોસ્પીટલમાં અમે આપશ્રીની જે માતૃભક્તિ જોઈ તે અવર્ણનીય ને કલ્પી ન શકાય તેવી છે. રાત્રિઓના ઉજાગરા મળમૂત્ર જાતે જ સાફ કરવું. સ્વચ્છતા પણ એટલી-જ રાખવી. રોજનો કાર્યક્રમ તો ચાલુ જ. જોવા આવનારાઓને પણ સંતોષવા. માતાજીનાં દર્શન કરાવી, વખત કાઢી થોડી વાત કરી સંતોષ આપવો. છતાં આનંદી.

પૂ. માતાજીની છબી તો આંખ આગળ રમ્યા જ કરે છે. નિખાલસ હૃદય બધાંને જાણે પોતાના જ બાળકો હોય તેમ સમજી તેવો પ્રેમ કરવો. કપટ રહિત પ્રેમથી દિલ ખોલી બધા જોડે વાતો કરવી. ઘણા જ વખતથી એકબીજા સાથે સંબંધ એવી રીતે વર્તણુક. આ બધાથી તેઓએ બધાના હૃદયને જીતી લીધેલાં, અને ખરેખર જિંદગીભર યાદ રહી જશે.

છેવટે છેવટે પૂ. મા ને પણ પોતાની પાસેથી ખસવા દેતાં નહિ. ને પોતાની દિકરી તો શું સેવા કરે તેના કરતાં ઘણી

સારી સેવા કરે છે કહેલ. એમાં આપશ્રીની પણ એટલી જ તપશ્ચર્યાએ ભાગ ભજવ્યો છે.

પૂ. મા વિશે તો શું કહું ? એમને ઓળખતાં ઘણો સમય લાગશે. પહેલાં ભરૂચ શિબિરમાં જોયેલાં. પછી તો અમદાવાદ મોરબી વ. પરંતુ છેલ્લે છેલ્લે વડોદરામાં તેમની ડાયરી વગેરે સાંભળી. ઝાંબીયાના તેમના સંબંધીનો તેમના પિતાશ્રી ઉપરનો પત્ર વાંચ્યો. ત્યારે જ કંઈક ઝાંખી થઈ. માણસ પ્રેમથી શત્રુને પણ વશ કરી શકે છે. તે ઝાંબિયાના પત્રથી જાણ્યું. છેવટે તો પૂ. માતાજીની ( આપશ્રીની તો કરેલી જ ને જે માટે નોકરી સગાવહાલાં વ. ગણતરીમાં લીધા નહિ તે તો અવર્ણનીય છે જ ) જે સેવા કરી અને પૂ. માતાજીનું હૃદય પ્રેમ તથા સેવાચાકરીથી જીતી લીધું તે જોઈ અનહદ માન ઉપજે છે.

શ્રી ઘેલાભાઈ રાવળ, અમદાવાદ.

પૂ. માતાની અંતિમ ઇચ્છા પરમ પુજ્ય યોગેશ્વરજીના સાન્નિધ્યમાં સાયુજ્ય પામવાની હતી તે મા જગદંબાએ પૂર્ણ કરીને અને મહાત્માજીની હાજરીમાં જ્યોતમાં જ્યોત મળી ગઈ. ભગવાન શંકરાચાર્યના માતુશ્રીના અંતિમ વિદાય વખતે જેવી રીતે ભગવાન શંકરાચાર્ય સાક્ષાત હાજર હતા. તેવી રીતે પૂ. માતાજીની અંતિમ વિદાયે પૂ. મહાત્માજી પાસે હતા.

પૂ. માતાજીની માંદગીના સમાચાર મુ. શ્રી બાબુભાઈ મારફત જાણવા મળેલ હતા. અને તે દરમ્યાન આપ સૌએ અને વિશેષ તો પૂ. સરોજબેને પૂ. માતાજીની ખૂબ ખૂબ સેવા ચાકરી કરી. અને પૂ. માતાજીએ મોતને પણ ખરેખર હંફાવી દીધું. આવા પરમ પૂજ્ય જગદંબા સ્વરૂપ માતાજીને અમો સૌ અંજલિ આપીએ છીએ.



ડો. માર્કંડરાય ભટ્ટ, ભાવનગર

પૂજ્ય માતાજીનું દર્શન અગાઉ જશોનાથમાં પૂજ્ય શ્રીનાં પ્રવચનોમાં હું જતો ત્યારે થયું હતું. ગયે વરસે ટાઉનહોલમાં પ્રવચન દરમિયાન પૂ. માતાજીની તબિયત એકદમ બગડેલી ત્યારે હું અને ડો. કોઠારી સાહેબ એકદમ દોડી ગયેલા અને તેમની સારવાર કરેલી. પરંતુ તદ્દન નજીકથી તેમની સારવાર કરેવાની મને હોસ્પીટલમાં તક મળી. અને પૂજ્યશ્રી, પૂ. સર્વેશ્વરીમા તથા પૂ. માતાજીએ મને આત્મીયજન જેવો ગણી લીધો તે મારું સદ્ભાગ્ય છે. હોસ્પીટલમાં હું માતાજીની સારવારમા બને તેટલો વધુ સમય ગાળતો. પૂ. માતાજીને અસહ્ય પીડા થતી હતી. હું તેમનું ડ્રેસીંગ કરતો અને પૂછતો કે માતાજી કેમ છે ? ત્યારે મને વાંસા ઉપર અને માથા ઉપર હાથ ફેરવીને કહેતાં કે બહુ સારું ન કહેવાય. હું તેમને મુખ વાટે પાણી, દૂધ, મોસંબીનો રસ વગેરે લેવાનો આગ્રહ કરતો. કારણકે તેમને ડાયાબીટીસની બીમારીને લીધે ઈન્સ્યુલીનનાં ઇન્જેક્શનો આપવાં પડતાં, તેના માટે ખોરાક લેવો જરૂરી હતો. પરંતુ તેઓ કાંઈ પણ ગળા નીચે ઉતારી શકતાં ન હતાં. એટલે અમારે ન છૂટકે પેટમાં રબ્બરની ટયુબ ઉતારવી પડી હતી અને તેના માટે બધું પ્રવાહી તથા દવાઓ આપતા. આ બધી વખતે પૂજ્યશ્રી મા જગદંબાનું અનુસંધાન કરીને તેમની પરવાનગી મેળવ્યા બાદ જ અમને ટયુબ વગેરે નાખવા દેતાં. છેવટે તાવ રહેવા માંડ્યો એટલે ડો. ગાંધી સાહેબે ફોટા કાર્ડીઓગ્રામ વગેરે લેવાનું કહ્યું. પૂજ્યશ્રીએ કહ્યું કે તેમાં કાંઇ જ આવવાનું નથી, છતાં તમારે જરૂર હોય તો લો. અને ખરેખર બધા જ રીપોર્ટસ નોર્મલ આવ્યા.

પૂજ્ય માતાજીની માંદગી દરમિયાન પૂજ્યશ્રી મહાત્માજી

તથા પૂ સર્વેશ્વરીમાએ જે સેવા–ચાકરી કરેલ છે તે અવર્ણ-નીય છે. પૂજ્યશ્રીએ ભયંકર હાર્ટએટેક આવી ગયેલ હોવા છતાં રાત દિવસ ખડે પગે સેવા કરેલ છે. પૂ. માતાજીનો જરાક અવાજ આવે કે તુરત હાજર જ હોય. ન પૂરો સૂવાનો સમય મળે કે ન જમવાનો સમય મળે. હોસ્પીટલનો સ્ટાફ તથા બીજા સેવકો હોવા છતાં માતાજીની અંગત સેવા તો તેઓ જાતે જ કરતા. આવું અદ્‌ભુત માતૃભક્તિનું મને દર્શન થયું.

પૂ. માતાજી જ્યોતિર્મયીમાની અંતિમ ક્ષણો વખતે હું તેમની પાસે જ હતો. જાણે મને અંતિમ દર્શન આપવા માટે જ રોકયાં હોય તેમ તા. ૪–૧૦–૮૦ ને શનિવારના રોજ સવારના ૯–૦૦ વાગે હું મારી ફરજ ઉપર ગયો અને સીધો જ તેમની પાસે ગયો, ત્યારે તેઓ અંતિમ શ્વાસ લઈ રહ્યાં હતાં અને મને દર્શન આપીને થોડા સમયમાં તેમણે વિદાય લીધી. પૂજ્યશ્રીને અગાઉથી ખબર પડી જ ગઇ હતી કે માતાજી આજે વિદાય લેશે પણ તેમણે અદ્‌ભુત ધૈર્ય દાખવ્યું. તેઓ હંમેશના જેવા શાંત અને સ્વસ્થ જ હતા. મેં કૃત્રિમ શ્વસો-ચ્છ્‌વાસ આપી જોયા પણ બધું નિરર્થક હતું. છેવટે માતાજીએ આપણી વચ્ચેથી ચિર વિદાય લીધી, પરંતુ તેઓ સૂક્ષ્મ સ્વ-રૂપે આપણા સૌના હૃદયમાં બિરાજે જ છે.

## રમેશભાઈ ધોળકીયા, મોરબી

માતૃદેવો ભવ એ મંત્રને આપે સાક્ષાત્કાર કર્યો, કરાવ્યો. અંતિમ ક્ષણ સુધી કાયેન, વાચા, મનસા આપે અતિ ઉત્તમ સેવા પૂજ્ય માતાજીની કરી! હવે જ્યારે મોરબીમાં આપની પધરામણી થશે ત્યારે માતાજી વિના આસન કેવું સૂનું દીસશે ?



પૂજ્ય ગુરુદેવ, એ તો પવિત્રતમ આત્મા હતો. નિષ્પાપ, નિષ્કલંક, સૂર્યસમ તેજસ્વી પુત્રનાં એ માતાજી ! વંદનીયા, પૂજનીયા એવી વ્યક્તિ ભલે દેહવિલય પામે, પણ નેત્ર સમક્ષ એમનું વ્યક્તિત્વ, વાત્સલ્યની એ અમીધારા વરસાવતી માતાજી-ની મંગલમૂર્તિને ઇશ્વર શાંતિ પ્રદાન કરે જ.

## શ્રી હરિહરભાઈ દેસાઇ, વડોદરા.

પૂ. મા તમારા જેવા યોગી પુરુષને જન્મ આપવા ભાગ્ય-વંતાં થયાં એ આપના ભક્તજનો પર અનન્ય અનુગ્રહ છે. જીવનની ગરીબાઇ અને કઠિનાઇમાંથી એઓ પસાર થયાં છે તેમ છતાં આપના ઉત્કર્ષની એમને હંમેશા ચિંતા રહેતી. આપની જીવનસિદ્ધિની પ્રત્યેક ક્ષણનાં એઓ સાક્ષી રહ્યાં છે. અને એમાંજ જીવનની પરિપૂર્ણતા એમણે અનુભવી. એમના જેવાં ભાગ્યશાળી થવાનું કોઈ વિરલ વ્યક્તિનું નસીબ હોય છે, એમનું જીવન ધન્ય બન્યું છે. આપના મધ્યાહ્નને તપતા તેજમાં એઓ વિલિન થયાં છે. મૃત્યુમાદનું એમનું જીવન તેજસ્વી બની રહેશે.

આપ એમને માટે ઊંડી ચિંતા રાખતા અને પ્રભુએ એવો યોગ સર્જ્યો, જેથી આપ ચિંતા મુક્ત બન્યા. “ માતૃ દેવો ભવ ” મંત્ર આપે ચરિતાર્થ કર્યો. અનન્ય પ્રેમથી માતાની સેવા કરવાનું સૌભાગ્ય આપે સંપ્રાપ્ત કર્યું. એ પણ શ્રી પ્રભુ-ના અનુગ્રહ વિના શકય નથી. આપનું જીવન અમારા જેવા અલ્પાત્માઓ માટે પ્રેરણારૂપ છે.

એમને પરમ શાંતિ મળો.

## श्री रतनलाल, मयूरी

आपका पत्र मिला । पू माताजी की स्मृति हृदयपटल पर जागृत हो उठी ।

गत वर्ष यहाँसे जाते समय ऋषिकेशमें आपने गाडीमें बैठाए बैठाए जब स्वर्गाश्रम आदिके दर्शन उन्हें कराए तो मुझे ऐसा हि लगा कि वे इन सब दृश्यों के अंतिम दर्शन कर रही हों ।

प्रभु दिवंगत आत्मा को पूर्ण शांति दें ।

શ્રીવિષ્ણુપ્રસાદ મજમુદાર, વડોદરા

પરમ પૂજ્ય માતાજીના સ્વર્ગવાસના સમાચાર જાણી અહીં સર્વ શોકાન્વિત થયા છે. નાના–મોટા સર્વ સાથે પૂજ્ય માતાજી સ્નેહ નિતરતી દૃષ્ટિથી વાતચીત કરતાં તથા સર્વની ખબર–અંતર પૂછતાં રહેતાં. સતત ઘણાં વર્ષો સુધી તેઓશ્રીના સંપર્કનો લાભ અહીં સર્વને મળતો. તેઓશ્રી પ્રેરણામૂર્તિ હતાં અને અધ્યાત્મ સાધનામાં જાગૃતિ આણતાં. તેઓશ્રીનું જીવન દૃષ્ટાંતરૂપ હતું, એ વાત્સલ્યમૂર્તિને અમારા સર્વના વંદન.

ડો. જયન્તીલાલ એમ. શાહ, વડોદરા

પૂ. માતાજીનો અક્ષરદેહ વિલિન થઈ તા ૪–૧૦–૮૦ના રોજ ઈશ્વરમાં ભળી ગયો. પણ તેમનો અમર આત્મા તો નવા સ્વરૂપે કોઈક સ્થળે હશે વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય–ની માફક પૂ. માતાજીના આશીર્વાદ ત્યાંથી પણ આપણુ સહુને પ્રેરણા આપતા રહો !

શ્રી. જે. વી. શાહ, મુંબઈ

પ. પૂ. માતાજીનો દસ વર્ષથી પરિચય થયો છે. તેઓના માયાળુ સ્વભાવને લીધે મારા ઉપર માતાના જેવો ભાવ



દર્શાવ્યો છે અને પોતાના વિશ્વાસુ જન તરીકે પોતાની અંતર-ની વાતો પણ કરતાં આજે માત્ર એનું સ્મરણ રહી ગયું !

પૂ. માતાજી પૂ. માહાત્માજીની દેવપ્રયાગની કઠોર સાધના-નાં પ્રત્યક્ષ સાક્ષી હવે તો વિદાય થયાં. છતાં પોતાનો પુત્ર ઈશ્વરનો સાક્ષાત્કાર કરી જગતની સેવામાં લાગી જાય તેવી તેમની ભાવના અદ્‌ભુત હતી. ને તેઓ જોઈશકયાં. એ મોટી વાત.

પૂ. માતાજીની સ્મૃતિ કદી પણ મારા સ્મૃતિપટ પરથી ભૂંસાશે નહિ. એમને મારા અનેકાનેક વંદન.

શ્રી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ
વડોદરાના કાર્યકર ભાઈ

“ આખરે પૂ. જ્યોતિર્મયીએ આ નશ્વરદેહને છોડી દીધો. તેમનું જીવન ધન્ય બની ગયું.

તેમની કૂખે તમારો જન્મ એટલે એ વીરમાતા છે. આદર્શ માતા તરીકે તમને ભાઈ, બહેનને, સુખ દુઃખ વેઠી ખૂબ સંસ્કાર આપ્યા.

આદર્શ સતી તરીકે તેમણે વૈધવ્યને દીપાવ્યું. આદર્શ જનની તરીકે સાધનામાં સાથ આપી તમને વિશ્વપ્રેમી, માતૃ-ભક્ત બનાવ્યા.

શ્રી. વિષ્ણુભાઈ મૂ. જાની. મુંબઈ

પ. પૂ. માતાજી વર્ષોથી પ. પૂ. યોગેશ્વરજીનાં તપ, ધ્યાન, અને યોગસિદ્ધમાં સાથે જ રહેલાં, તે અંતિમ સમયે પણ સાથે જ રહ્યાં; તે ઈશ્વરની કરુણા કહેવાય

તેઓ તો જગતની માતા હતાં. તેઓ જે ધરતી ઉપર પગ મૂકતાં તે ધરતી શાન્ત ને કરુણામયી થઈ જતી.

એવાં માને લાખ લાખ વંદન.

શ્રી મણિભાઇ ડી. જોષી, મુંબઇ

આપના સમગ્ર જીવનમાં પૂ. માતાજીનો ખૂબ મોટો ફાળો છે, અને હોય તે સ્વાભાવિક છે. આપના આધ્યાત્મિક વિકાસમાં શરૂઆતથી જ એમણે શ્રદ્ધાપૂર્વક સહકાર આપ્યો. એથી એમને આપની આજની સ્થિતિથી ખૂબ સંતોષ હતો.

આપના જેવા સંતને જન્મ આપી એમણે અહીં જ આનંદ ને સંતોષ મેળવ્યા છે. એમનું જીવન ધન્ય થઈ ગયું.

શ્રી પ્રભાશંકર મા. જોષી, (અંબાજી) ભાવનગર.

મા ભગવતી સાથે વાતો કરનાર પ. પૂ. મહાત્માજીને જન્મ આપનાર માતાજીના દેહવિલયથી દુઃખ અનુભવું છું.

પૂ મ તાજીને અહીં અંબાજીના મંદિરમાં યાદ કરીને મારી અંજલિ અર્પણ કરું છું. મને વ્યાજબી રીતે લાગે છે કે માતાજીનો દિવ્ય આત્મા મા ભગવતીના તેજમાં સમાઈ ગયો છે.



# શ્રી માતાજીની જીવનલીલા

શ્રી બાબુભાઇ વ્હોરા

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે કેઃ–

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।
અથવા योगीनामेव कुले भवति धीमताम् ।

એ પ્રમાણે મહાત્મા શ્રી યોગેશ્વરજીનો જન્મ પણ સત્યપરાયણ, સંસ્કારી, પવિત્ર છતાં આર્થિક રીતે પછાત એવા બ્રાહ્મણ કુટુંબમાં થયો.

એમના જન્મના આઠ વર્ષો પછી જ પૂ. માતાજીની કપરી કસોટી શરૂ થઈ. માત્ર ૨૫ વર્ષની ભર જુવાનીમાં જ તેઓ વિધવા બન્યાં ને વૃદ્ધ સાસુ, તેમજ બે બાળકોને સંભાળવાની જવાબદારી આવી પડી; જે એમણે ખૂબ ધીરજથી બજાવી.

જીવનના એકમાત્ર આધારરૂપ આશાસ્પદ પુત્ર જ્યારે સર્વસ્વનો ત્યાગ કરી, પ્રભુપ્રાપ્તિના માર્ગે વળ્યો ત્યારે એમને કેવો આઘાત લાગ્યો હશે ? તે કલ્પવું કઠણ છે. છતાં પૂ. માતાજીએ તેમાં પણ પ્રભુની મંગલ ઇચ્છા જોઇ, ધીરજ રાખી.

પૂ. માતાજી સાથેનો મારો પરિચય છેલ્લા ત્રણચાર વર્ષોનો, પરંતુ એ દરમ્યાન હું તેમનો ખૂબ પ્રેમ ને વિશ્વાસ પામ્યો.

તેઓની વાત કરવાની શૈલી એવી સરસ કે આપણે એમની વાતો સાંભળ્યા જ કરીએ. દરેક વ્યક્તિ તરફ પ્રેમભર્યો વ્યવહાર એ એમનો સ્વભાવ હતો.

અપરિગ્રહ એમનો મોટો સદ્દગુણ હતો. લોકો આપતાં તેમાંથી બીજાઓને પણ તેઓ આપતાં રહેતાં. એમનું જીવન ખૂબ સાદું ને કરકસરયુક્ત હતું. પૂ. મહાત્માજી તેમને પાસે

રાખવા પૈસા આપે, પરંતુ જરૂરી દાન-પુણ્ય કે બાળકોને માટે કંઈ લેવા સિવાય એમનો કોઈ ઈતર ખર્ચ ન હતો.

પૂ. માતાજીનો સ્વભાવ ખૂબ દયાળુ, બદ્રીકેદારની યાત્રા દરમ્યાન એક યાત્રિક સાથે પરિચય થયો, તેમની સાથે તેમનાં પત્ની ને બહેન હતાં. આ વૃદ્ધને ઘી ખાવાની ટેવ. એક દિવસ પત્નીએ ટોણો માર્યો "બધું ઘી તમે એકલા જ ખાઈ જશો કે બીજા માટે રહેવા દેશો?" બસ તે દિવસથી વૃધ્ધે ઘી ખાવાનું છોડી દીધું. આથી એમનાં પત્નીને તો દુઃખ ન થયું, પરંતુ બેનને બહુ દુઃખ થયું. ભોજનમાંથી એમનો રસ ઉડી ગયો.

પૂ. માતાજીને આ હકીકત જાણી દુઃખ થયું. તેમણે પૂ. મહાત્માજીને તે વૃદ્ધને આવી ટેક છોડવા સમજાવવા કહ્યું. પૂ. મહાત્માજીની સમજાવટ પછી તે વૃધ્ધે ટેક છોડી ને પૂ. માતાજીએ પોતાના હાથે શીરો બનાવી બધાને જમાડ્યાં. આથી પેલા વૃદ્ધ ને તેના બેનને ખૂબ આનંદ થયો. તેમણે માતાજીનો ખૂબ આભાર માન્યો. આવાં દયાળુ હતાં માતાજી.

પૂ. માતાજીના અંતિમ દિવસોમાં વ્યાધિની પીડા ભારે હતી. છતાં તેમનું મન સ્વસ્થ અને શાંત હતું. પૂ. મહાત્માજીના સાન્નિધ્યથી તેમને ભારે નિશ્ચિંતિ હતી. તેઓ કહેતાં કે "દુનિયામાં કોઈ કોઈનું નથી. એક પરમાત્મા જ ખરા સાથી છે."

પૂ. મહાત્માજી ને પૂ. શ્રી સર્વેશ્વરી મા તેમની રાત-દિવસ ખડે પગે ચાકરી કરતાં એથી એ ભારે કૃતકૃત્યતા અનુભવતાં.

આવું તપસ્વી જીવન જીવી જનાર પૂ. માતાજી પાસે આપણું મસ્તક નમી પડે છે. એ ગયાં પરંતુ એમની અમૂલ્ય પુણ્યસ્મૃતિઓ આપણા સહુ માટે મૂકી ગયાં છે.



# મહાત્માજીની અદ્દભુત સુશ્રુષા

શ્રી રાજેશ કાપડીઆ

પરમ પૂ. મહાત્મા યોગેશ્વરજીના આ વરસે ઓગષ્ટ મહિનામાં ભાવનગરનાં પ્રવચનો યોજાયાં ત્યારે માતાજીને ભાવનગર સાથે આવવા પૂ. શ્રીએ જણાવ્યું. પ્રથમ માતાજીએ નામરજી દર્શાવી, પરંતુ છેલ્લી પાંચ મિનિટમાં તેઓ ભાવનગર આવવા સંમત થયાં.

૨૧. ઓગષ્ટ '૮૦ ના રોજ ભાવનગરની ભાવિક જનતાએ વ્યાસપીઠ પર પ્રથમ દિવસે ટાઉન હોલમાં પૂજ્યશ્રીના, પૂ. માતાજીનાં ને પૂ. માના એક સાથે ત્રણેનાં દર્શન પ્રથમ ને અંતિમ કર્યાં. બાદમાં માતાજીની તબિયત લથડવાથી ટાઉન હોલમાં ફરી આવી જ ન શક્યાં.

પૂ. માતાજીની સેવામાં સતત પૂ. શ્રી તથા પૂ. માને સારી રાત જાગરણ કરવું પડતું. અથાગ પરિશ્રમ, સતત ઉજાગરા થવા છતાં ટાઉનહોલના પ્રવચનો પ્રેમથી ને આનંદથી પૂ. શ્રીએ પૂરાં કર્યાં.

પૂ. માતાજીની તબીયત વિશેષ ગંભીર થતાં પછીનાં પ્રવચનો સરદારનગરના ઉતારા પર જ ગોઠવાયાં, જેથી પૂ. શ્રી પ્રવચન બાદ તરત જ માતાજીની સેવામાં પહોંચી જઈ શકે.

તા. ૧૫ સપ્ટેબર '૮૦ ના રોજ પૂ. માતાજીને સારવારની વિશેષ આવશ્યકતાના કારણે સિવિલ હોસ્પિટલના સ્પેશ્યલરૂમમાં દાખલ કરવામાં આવ્યા. પૂ. વિરક્ત સંત ને પૂ.

માએ આ કપરો કસોટી કાળ પૂ. માતાજીની સુશ્રુષામાં અખંડ ખડે પગે રાતદિવસ ખાવાપીવાની પરવા કર્યા વગર, અથાગ પરિશ્રમ લાગવા છતાં આરામને સંપૂર્ણ તિલાંજલિ આપી દવાખાનામાં જ પસાર કર્યો. આ સુશ્રુષા અદ્‌ભૂત ને અદ્વિતીય હતી. પૂ. માતાજીની સેવામાં તેઓ માતાજીમય બની ગયા હતા. પૂ. શ્રી પૂ. માતાજીને નાના બાળકને સમજાવે તે રીતે હસતાં હસતાં, સમજાવી દવા, દૂધ, ઇત્યાદિ આપતા.

પૂ. માતાજીની સુશ્રુષાને પૂ. શ્રી.ને પૂ. મા સાચી સાધના–તપશ્ચર્યા માનતા. જપ, તપ, ધ્યાન આદિ સર્વ પૂ. માતાજીની સેવામાં સમાયાં હતાં. આવી ગંભીર માંદગીમાં પણ પૂ. શ્રીના ડોક્ટરો સાથે માતાજીના રૂમમાં સત્સંગ ચાલતો. તેના પરિણામ રૂપ સારું એ વાતાવરણ મંગલમંદિર જેવું ભાસતું.

આટઆટલી સતત માતૃસેવા બજાવવા છતાં પૂ. માતાજીની તબિયતમાં સુધારો થવા ન જ પામ્યો. તા. ૪-૧૦-૮૦ એકાદશીના સુપ્રભાતે તેઓનું શરીર શાંત બની ગયું. શરીર શાંત થવાનો આદેશ મા જગદંબાએ અગાઉથી પૂ. શ્રી ને આપી દીધો હતો. છતાં તેઓ ખુબ જ સ્વસ્થ જ હતા.

મા જગદંબાના આદેશાનુસાર તા. ૫–૧૦–૮૦ ના પ્રભાતે પૂ. માતાજીની ભવ્ય અંતિમયાત્રામાં પૂ. શ્રી તથા પૂ. મા સાથે જોડાયા હતા. પૂ. મા અંતરની ઉર્મિઓ રેડીને રામધૂન બોલાવતાં હતાં. સૌ સાધકો તે ઝીલતા હતા. રામધૂનના ગુંજારવથી વાતાવરણ પવિત્ર બની ગયું હતું.

પૂ. માતાજીનો પાર્થિવ દેહ ભસ્મીભૂત થયો. ત્યાં સુધી



પૂ. શ્રી તથા પૂ. મા ચિતાના સ્થળ પર મોજૂદ હતાં.

પૂ. માતાજીની અંતિમ અવધિ સુધી પરિશ્રમની પરવા કર્યા વગર સતત સુશ્રુષા કરવા બદલનો આત્મસંતોષ પૂ. શ્રીના તેમ જ પૂ. માના મુખ પર ઝળકતો હતો.

વંદન હો આવા સમર્થ સંત, સંત શિરોમણિ પરમપૂજ્ય શ્રી યોગેશ્વરજીને.

## ઈશ્વરની ઇચ્છા જ સર્વોપરિ છે

કોઈ પણ માનવીય ઇચ્છા ઈશ્વરીય ઇચ્છાની ઉપરવટ નહિ જઈ શકે. આપણી જાતને વિવેક ને વિશ્વાસપૂર્વક ઈશ્વરીય ઇચ્છાની તરફેણમાં મૂકીએ તો વિજય આપણો જ છે.

—શ્રી અરવિંદ

卐

## ઈશ્વર ઘટઘટમાં રહેલો છે

ઈશ્વરને શોધવા માટે વનમાં શા માટે જાય છે ? અસંગ, સર્વવ્યાપક, અને અલિપ્ત ઈશ્વર તારી પોતાની અંદર ઘટ-ઘટમાં રહેલો છે. ત્યાં તેનું દર્શન કર. ને ધન્ય બન.

—નાનકદેવ

# મૃત્યુ પ્રસંગે પણ સ્થિરતા

જીવન છે તો મૃત્યુ છે જ, એ અવિચળ નિયમ છે. એવું સૌ કોઈ જાણે છે તેમ છતાં જેમની સાથે સ્નેહનો સંબંધ હોય છે તેમની વિદાયથી ઊંડી વેદના થઈ આવે તે સ્વાભાવિક છે. પૂજ્ય યોગેશ્વરજીના માતાજીની વિદાય સૌને વસમી થઇ પડી છે. શ્રી યોગેશ્વરજીના તો માતાજી હતાં. સંસારમાં માતાપુત્રનો સંબંધ સૌથી ઘનિષ્ઠ હોય છે. એટલે 'મા'ની વિદાયથી યોગેશ્વરજીની વેદનાની કલ્પનાજ કરવી રહી! પણ માતાજીના મૃત્યુની જાણ તેમને અગાઉથી થઈ ગયેલી હોવા છતાં તેમની સુશ્રુષામાં તેઓ છેવટની ઘડી સુધી સ્થિતપ્રજ્ઞની જેમ તત્પર રહ્યા તે, અપાર વેદનામાં પણ તેમના ધૈર્યનું દર્શન કરાવી જાય છે. આવા મહા ધૈર્યવાન સંતને આપણે તો શું આશ્વાસન આપી શકીએ? વળી પૂ. માતાજી પણ પોતાના તપસ્વી પુત્રની સાથે દીર્ઘજીવન તપશ્ચર્યા કરી સદેહે જ ધન્યતા પામી ચૂકયાં હતાં. છતાં એવા મહાન આત્મા માટે શાંતિની પ્રાર્થના કર્યા સિવાય આપણે કેમ રહી શકીએ? ૐ

મણીભાઇ શાહ



ત્રિવેણીસંગમઃ પૂ. માતાજી પૂ. શ્રી યોગેશ્વરજી શ્રી સર્વેશ્વરી ઓગષ્ટ ૧૯૮૦ અમદાવાદમાં

# સંતજનનીનો દેહવિલય

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા મહાત્માશ્રી યોગેશ્વરજીનાં માતુશ્રી માતાજી શ્રી જ્યોતિર્મયીએ ૭૮ વર્ષની વયે ભાવનગરમાં શનિવારે સવારના ૯-૧૫ મિનિટે શાંતિપૂર્વક દેહ છોડ્યો છે. શ્રી માતાજી પૂજ્ય યોગેશ્વરજી સાથે ઓગષ્ટની ૨૦ મી તારીખે ભાવનગર પધારેલાં.

માતા-પિતા અને ગુરુની શ્રેષ્ઠતાની એક કસોટી એ છે કે, જેનાં સંતાનો અને શિષ્યો એમના કરતાં સવાયાં બન્યાં હોય, તે માતા-પિતા અને ગુરુ શ્રેષ્ઠ. આ કસોટી પર માતાજી અપેક્ષા કરતાં પણ ઘણાં વધુ શ્રેષ્ઠ સાબિત થયાં છે. એક સામાન્ય પરિવારમાં જન્મી, ૨૫ વર્ષ જેવી વયે વૈધવ્યનો કારમો ઘા ઝીલી, પિતાછત્ર વિનાના પુત્રનું ભારતના જ નહિ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત આધ્યાત્મિક સંત મહાત્મારૂપે પરિવર્તન કરી શક્યાં, તેને નાનો પુરુષાર્થ લેખાવી શકાય નહિ. જે અનેક સ્ત્રી-પુરુષો દેશમાં અને દેશ બહાર શ્રી યોગેશ્વરજી પ્રત્યે આદર અને ભક્તિ ધરાવે છે, તે તમામ એવાં જ આદર અને ભક્તિ માતાજી તરફ પણ ધરાવે છે.

ભાવનગરનાં એ બડભાગ્ય માનીએ કે, એક સંત પુરુષનાં જનનીનાં દેહનો વિલય આ ભૂમિ પર થયો છે. આપણે એમના ભવ્ય જીવનપુરુષાર્થ અને પવિત્ર સ્મૃતિને વંદન કરીએ.

નાનુરામ દુધરેજિયા

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફેકના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર